# સહજ-સત્સંગ

અંક : ૨૪૦ વર્ષ : ૨૧ કાર્યકારી તંત્રી : માનસિંહભાઈ ચાવડા માર્ચ : ૨૦૦૯



અંતિમ વિજય અમારો.

ધર્મ-ધ્વજા પ્રભુ ગરિમા તણી, આસમાને ફડકે,
વિજય પતાકા અતિમનસ તણી, જગમાંહિ વિલસે.



**શ્રી માતાજી**

મા મીરાંબા મધુરા અતિ, સ્નેહમૂર્તિ સમાન,
ચૈત્યપુરૂષને ઢંઢોળીને, રચે અધ્યાત્મ-પ્રયાણ.

# પ્રાર્થના અને ધ્યાન

(૧૩-૫-૧૯૧૪)



મારા ચિત્તની આ જે નિદ્રિતતા છે, પ્રભુ તેને તું ખંખેરી નાખજે.... મારી અંદર કોઈ ચીજ જ્યારે તને પ્રશ્ન કરે છે ત્યારે તું હંમેશા જવાબ આપે છે..... જ્યારે પણ જાણવાની જરૂર હોય છે ત્યારે તું તે મને શિખવે છે; પછી તે સીધી કે આડકતરી રીતે..... સર્વ વસ્તુઓ ધીરે ધીરે એવી ગોઠવાતી જાય છે કે મારે તારી સેવા જે રીતે કરવી જોઈએ તે રીતે હું કરી શકું એમ બને.....

કેવળ તારે અર્થે અને તારા દ્વારા જ જીવન વ્યતીત કરું, તું જે કામ સોંપે તે વધુને વધુ સારી રીતે કરતી રહું. તો પછી બીજી બધી વસ્તુઓ કશા જ મહત્વની રહેતી નથી. જગતમાં તારું કાર્ય જેટલું સરસ રીતે અને સંપૂર્ણપણે થઈ શકે તેમ હોય તેટલું સિદ્ધ થઈ જાય તો પછી એ કાર્ય એક વ્યક્તિએ સિદ્ધ કર્યું છે કે એક સમૂહે એ વસ્તુ પણ કશા મહત્વની નથી.... તારું કાર્ય સિદ્ધ થવાનું છે, હું એ જાણું છું. અને તારો વિજય નિશ્ચિત છે.

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત,
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ
આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

# સહજ-સત્સંગ

અંક : ૨૪૦ વર્ષ : ૨૧

માર્ચ - ૨૦૦૯

સંસ્થાપક અને આદ્યતંત્રી
**સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

કાર્યકારી તંત્રી -
**માનસિંહભાઈ ચાવડા**
૭, સાનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક,
ઈન્કમટેક્સ ઑફિસ પાછળ,
રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

ટ્રસ્ટી મંડળ :
**ભારતીબેન ત્રિવેદી**
**હર્ષદભાઈ ઠકરાર**
**લલિતભાઈ ઉપાધ્યાય**
**કમલેશભાઈ માંડવિયા**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

સંપર્ક માટે :
**શ્રી હર્ષદભાઈ ઠકરાર**
મોબાઈલ : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮ - રાજકોટ

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005



લવાજમ

**વાર્ષિક માતૃચરણે અર્પણ**

વાર્ષિક રૂા. ૧૦૦/-

કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ.
એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફટ/પોસ્ટલ ઑર્ડરથી
**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ-'રાજકોટ ના નામે મોકલશો.**

આપનું નામ, સરનામું, જુનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.

**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)**

# પ્રાર્થના અને ધ્યાન
(૧૩-૫-૧૯૧૪)

પ્રભુ સાથેની એકરૂપતા બાબત સજાગતા એ જ ચિત્તની જાગરૂપતા છે. તે બાબત ચિત્તની અભાનતા એ જ તેની નિદ્રિતતા છે. માતાજી પ્રાર્થના કરે છે કે તેમની પ્રભુ સાથેની એકરૂપતામાં ખંડિતતાના ગાળા વચમાં વચમાં આવી જાય છે. તેવી ચિત્તની નિદ્રિતતાના ગાળાઓને માતાજી ખંખેરી નાખવાની પ્રાર્થના કરી રહ્યાં છે.

સાધના દરમિયાન માતાજી સામે ઘણી આંતરિક અને બાહ્ય ઘટનાઓ બનતી હોય છે. માતાજી તે ઘટનાઓનાં કારણો સમજી લેવા માંગતા હોય છે. તે સમજણ સાધનાની પ્રક્રિયાનું વધારે ઊંડું જ્ઞાન આપણને આપે છે. અને પ્રભુ પ્રત્યેની નિષ્ઠા અને શ્રદ્ધાને વધારે શુદ્ધ, જવલંત, અને અખંડ રાખે છે.

માતાજી જણાવે છે કે આવા બધા જ સવાલોના જવાબ તેમને મળતા હોય છે. તે બધા સીધે સીધા આંતર પ્રેરણાથી જ મળી જતા નથી. પ્રત્યક્ષ પણ મળે છે અને અપ્રત્યક્ષ રીતે પણ મળે છે. આડકતરી રીતે કોઈ પુસ્તક વાંચી, કોઈ વડીલની કે મિત્રની સલાહ દ્વારા, કોઈ અજાણી વ્યક્તિઓના આકસ્મિક રીતે સાંભળેલા સંભાષણ દ્વારા કે કોઈનાં વ્યાખ્યાન - પ્રવચન દ્વારા મળી આવે છે.

પણ આ બધી પ્રક્રિયા, પોતાનો સમય માંગી લે છે. તેથી સાધકે ખોટી રીતે ઉતાવળ ન કરતાં ''મારી સમસ્યાનો જવાબ પ્રભુ જરૂર આપશે'' એવી સશ્રદ્ધ ભૂમિકામાં રહીને જ સાધનામાં રત રહેવું જોઈએ. અધિરાઈ ઉપરની પ્રક્રિયાને થતી અટકાવી દે છે અથવા પ્રક્રિયા આપણી જાણ બહાર જ થઈ જાય છે; જેનો ફાયદો લેતા આપણે ચૂકી જઈએ છીએ. જો આપણે શાંત, સ્વસ્થ, સશ્રદ્ધ રહેશું તો પ્રભુનું અચૂક માર્ગદર્શન મળ્યા વગર નહિં રહે. અને તેથી આપણે પ્રભુની સેવા વધારે યોગ્ય રીતે, સમજણપૂર્વક કરી શકશું.

તેથી માતાજી પ્રાર્થના કરે છે કે ફક્ત પ્રભુને અભિવ્યક્ત કરવા માટે જ, અને તે પ્રસંગે પ્રભુ સાથેની એકરૂપતામાં રહીને જ જીવન જીવવા માંગે છે. આ બન્ને શરતો પૂર્ણ થાય તો પ્રભુની જે અપેક્ષા છે એ મુજબ જ તેમનું કાર્ય આપણા દ્વારા પૂર્ણ થશે. માતાજી એવો પણ આગ્રહ રાખતા નથી કે તે કાર્ય તેમના દ્વારા જ થાય અથવા તેમના એકલાથી જ થાય. પ્રભુની ઈચ્છા મુજબ તે એક વ્યક્તિ

કે અનેક વ્યક્તિનાં સમૂહ દ્વારા સિદ્ધ થાય, એ જ માતાજીની ઈચ્છા છે. પ્રભુનું કાર્ય સિદ્ધ થવું જોઈએ એ મહત્વનું છે.

માતાજીને પૂર્ણ શ્રદ્ધા છે કે પ્રભુનું કાર્ય તો સિદ્ધ થવાનું જ છે. જો આપણામાંથી કોઈ વ્યક્તિ યોગ્ય પાત્ર ન થઈ શકે તો તે અન્ય પાત્રને શોધી લેશે પણ કાર્ય તો સિદ્ધ થશે જ. પ્રભુનો વિજય નિશ્ચિત છે.

'સત્યમેવ જયતે'. પણ સત્યને પણ વિજય મેળવવા પોતાનો સમય લાગે છે. સત્ય ચમત્કાર સર્જતું નથી. તે ઉત્ક્રાંતિની પ્રક્રિયા દ્વારા જ સ્વેચ્છાએ કાર્ય કરે છે અને તેથી અનેક પરાજય પછી પણ અંતિમ વિજયની પ્રક્રિયા બનતી હોય છે. તે માનવની અપૂર્ણતાનું પરિણામ છે. પ્રભુ માટે કાલક્ષય એવી ઘટના નથી. અનંતકાળ તેની સામે પડેલો હોય છે. બીજું, પ્રભુને મળેલા નાના નાના વિજયોની હારમાળા માનવ-બુદ્ધિ સમજી શકતી નથી. તેથી તો અંતિમ-વિજયને જ વિજય માને છે. જ્યારે પ્રભુનો સંકલ્પ ધીમે ધીમે ઉત્ક્રાંતિને અનુરૂપ થઈ પ્રગટ થવાનો હોવાથી પ્રભુના દૃષ્ટિકોણમાં પરાભવ જેવી વસ્તુ જ નથી. તે જય પરાજ્યના દ્વંદ્વથી ઊર્ધ્વમાં રહેલ છે. પ્રભુનો વિજય આ રીતે સમજવો જરૂરી છે.

અંતે માતાજી પ્રભુની સભાનતાના પ્રકાશને સર્વમાં સ્થિર થવાની પ્રાર્થના કરે છે. પ્રભુ તારો જય હો.

ઓ મારા પરમગુરૂ ! હું જોઉં છું. તારાં કરવાના કાર્યો જ્યારે જ્યારે હું હાથમાં લઉં છું ત્યારે એ ખૂબ ખૂબ કઠિન અને દુષ્કર લાગે છે, કારણ કે હું જોઉં છું કે જડત્વનું આધિપત્ય ખૂબ જ જોરમાં છે. વિરોધી શક્તિઓ એના તમામ સામર્થ્ય વડે આ મારાં બધાં જ સંકલ્પને શીર્ણવિદીર્ણ કરવાને તત્પર થયેલી છે. પણ એ વિરોધી શક્તિઓની સફળતામાં હું કોઈ મારી નિષ્ફળતાને જોતો નથી. કારણ કે મને એવી સંપૂર્ણ ખાતરી આપવામાં આવી છે કે એ કાર્ય થઈને જ રહેવાનું છે. મારી અંદર ઊગતા હરકોઈ સંકલ્પમાં જ દૃઢ નિર્ધાર હું જોઉં છું.

- શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી

૧૧.૧૨.૮૦

# સભાનતા

- જ્યોતિબેન થાનકી

ઘણી વખત એવું બનતું હોય છે કે આપણે બોલવું ન હોય અને બોલાઈ જાય છે. અથવા તો કહેવું કંઈક હોય છે અને કહેવાય જાય છે તદ્દન જુદું જ. જે કરવું ન હોય તે થઈ જાય છે અને પછી જીવનભર તેના પરિણામો ભોગવવાં પડે છે. આવું કેમ બને છે ? કારણ કે આપણી અભાનતામાં બહારના પરિબળો આપણી અંદર ઘૂસીને વિપરીત કાર્યો કરાવી જાય છે. જો આપણે આપણી જાતનું નિરીક્ષણ કરીશું તો જણાશે કે આપણા મોટાભાગના કાર્યો આપણે અર્ધચેતન સ્થિતિમાંથી જ કરતા હોઈએ છીએ. યાંત્રિક ટેવો, ઘરેડો, માન્યતાઓ, રીત રિવાજો આ બધાં આપણાં જીવનમાં એવાં એકરૂપ થઈ ગયાં હોય છે કે આપણા કાર્યો આ બધાં દ્વારા આપોઆપ થયા જ કરતા હોય છે. વળી સૂક્ષ્મ જગતના પણ અનેક સત્ત્વો, પરિબળો, સૂચનો પણ આપણી પાસે કાર્યો કરાવી જાય છે, અને આપણે એમ માનીએ છીએ કે આ કાર્ય આપણે કર્યું. આપણે આપણી જાત વિષે, આપણી પ્રકૃતિ વિષે, આપણને કાર્યોમાં પ્રેરનાર બળો વિષે બિલકુલ સભાન નથી. આપણે કઠપૂતળી જેવાં એ અદૃશ્ય બળોના હાથમાં બની જઈએ છીએ. શ્રી માતાજી કહે છે કે માણસ જીવન વિષે, જીવનની ગતિ વિષે, ક્રિયાઓ વિષે જાગૃત હોય તો તે તેને આ બધા ઉપર કાબૂ રાખવાનો વિચાર આપે, પણ માણસ મોટેભાગે કાર્યો, પ્રતિકાર્યો, ગતિઓ અને આવેગોના વત્તા ઓછા પ્રમાણમાં સંગઠિત મિશ્રણ જેવો હોય છે. વસ્તુઓ કેવી રીતે બને છે, તેના વિષે તે જાણતો હોતો નથી. મોટેભાગે માણસો પોતાના જીવન વિષે જાગૃત હોતા નથી.

**સભાનતા એટલે શું ?**

સભાનતા વિષે પૂછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં શ્રી માતાજીએ જણાવ્યું હતું કે ''એનો અર્થ એ છે કે પોતાના આંતરિક સત્યવિષે સભાન બનવું. આપણા સ્વરૂપના અનેક ભાગો રહેલા છે એના વિષે સભાન બનવું. આપણે શા માટે આ વસ્તુ કરી રહ્યા છીએ અને પેલી નથી કરતા, એ જાણવું જોઈએ. આપણા વિચારોમાં આપણી લાગણીઓને આપણા કાર્યોને જાણવા જોઈએ. આપણે શું કરી શકીએ તેમ છીએ તે જાણવું જોઈએ. પોતાના વિષે જાણવું એટલું જ પૂરતું નથી, પણ એ જ્ઞાનથી આપણે આપણી જાત ઉપર કાબૂ મેળવવો જોઈએ. અને એ

માટે સતત જાગૃત રહેવું જોઈએ. આપણી જાતનું ધ્યાનપૂર્વક અવલોકન કરવાની શક્તિ આપણામાં હોવી જોઈએ.'' શ્રી અરવિંદે પણ સાધકને પત્રમાં કહ્યું હતું, ''માનવ પ્રકૃતિ ઘણી જ અટપટી છે. તેને જાગૃત રીતે જાણવી જોઈએ. પ્રકૃતિને કાર્યમાં પ્રેરતી શક્તિઓને જોવી, જાણવી અને એ શક્તિઓ ઉપર કાબૂ મેળવી શકે તેવું જ્ઞાન પ્રાપ્ત કરી સંયમ મેળવવો જરૂરી છે. એ માટે સતત જાગૃતિની જરૂર છે. સભાનતાની અનિવાર્યતા છે .''

યોગમાં તો ક્ષણે ક્ષણે સભાનતાની આવશ્યકતા રહે છે. પણ સામાન્ય જીવનમાં પણ સભાનતા અનિવાર્ય બની રહે છે.

**૧ પોતાના જીવન પર પ્રભુત્વ મેળવવા માટે :**

જાગૃત અને સભાન મનુષ્ય જ જીવનનો સ્વામી બની શકે છે. તેવા મનુષ્યને કોઈ બીજા પરિબળો કે મનુષ્યો તેના ધ્યેયમાંથી ચલિત કરી શકતા નથી. કેમકે જાગૃત મનુષ્ય બીજાનો દોરવ્યો કદી દોરાતો નથી.

**૨ સંજોગોના સ્વામી બનવા માટે :**

સંજોગોના સ્વામી તે જ બની શકે, જે સતત જાગૃત હોય. મોટે ભાગે માણસો સંજોગો, પરિસ્થિતિઓના ગુલામ હોય છે. એમનું જીવન આ સંજોગો દ્વારા ઘડાતું હોય છે. સભાન મનુષ્ય તેને મળેલા સંજોગોનો ઉપયોગ કરીને પોતાના જીવનને વધારે સમૃદ્ધ અને ઉન્નત બનાવે છે. આ સંદર્ભમાં શ્રી માતાજીએ સાધકને જણાવ્યું હતું કે ''તમારી આસપાસ જે પરિસ્થિતિ છે, સંજોગો છે, તમાંથી વધારે લાભ મેળવવો હોય તો તમારે પૂરેપૂરા જાગૃત રહેવું જોઈએ. કોઈ અચાનક તમને ઝડપી લે તેવું ન થવું જોઈએ.''

**પૂર્ણયોગમાં સભાનતા :**

શ્રી અરવિંદ યોગ માટે સભાનતાને અત્યંત અનિવાર્ય ગણાવે છે. જો આપણે આપણી પ્રકૃતિને, આપણને કાર્યમાં પ્રેરનારાં બળોને - શક્તિઓને, આપણા સ્વરૂપના વિવિધ ભાગોને જાણતાં જ ન હોઈએ તો પછી એમના ઉપર કાબૂ કેવી રીતે મેળવી શકીએ ? ને તેનું દિવ્યરૂપાંતર કેવી રીતે કરી શકીએ ?

પૂર્ણયોગમાં માત્ર આત્મપ્રભુત્ત્વ મેળવવાની જ વાત નથી. પણ તેમાં તો પોતાની અંદરના એક એક ભાગનું રૂપાંતર કરવાનું છે. આ સંદર્ભમાં શ્રી માતાજીએ સાધકોને જણાવ્યું હતું કે પોતાની જાત વિષે અને પોતાના સ્વરૂપના આખા ય સત્ય વિષે સમગ્રપણે સભાન થવું તે જીવનને સાચોસાચ સિદ્ધ કરવા માટેની પ્રથમ આવશ્યક શરત છે. આત્મ સભાનતા એ જ આધ્યાત્મિક જ્ઞાન છે.

જ્યાં સુધી મનુષ્ય પોતાના આત્માને જાણતો નથી ત્યાં સુધી તે અજ્ઞાનમાં જ હોય છે, ત્યાં સુધી તે પૂરેપૂરો સભાન બની શકતો નથી અને આત્માનું જ્ઞાન થઈ જાય પછી એ અભાન પણ રહી શકતો નથી. આથી સભાનતા પ્રાપ્ત કરવા માટે પોતાના સાચા સ્વરૂપનું જ્ઞાન થવું જરૂરી છે.

**સભાનતા કેવી રીતે મેળવી શકાય ?**

સતત જાગૃત કેવી રીતે રહી શકાય ? તેના ઉત્તરમાં શ્રી માતાજીએ જણાવ્યું હતું કે, '' એ માટે તમારી પાસે દરેક સ્થળે એન્ટેનાઓ હોવા જોઈએ કે જે તમને તમારી સાચી ચેતાનાના કેન્દ્રની સાથે સતત સંપર્કમાં રાખે. એમાં તમે દરેક વસ્તુની નોંધ લેતા રહો છો, આ રીતે તમને કોઈ અસાવધ દશામાં પકડી રાખી શકતું નથી કે તમે છેતરાઈ જતા નથી. એમાં તમારે જે કહેવું હોય એથી બીજી કોઈ વસ્તુ કહેતા નથી. પણ કેટલા માણસો આ સ્થિતિમાં હોય છે ભલા ?

શ્રી માતાજીએ બીજી રીત એ બતાવી હતી કે, સહુ પ્રથમ તો સભાન થવા માટેનો દૃઢ સંકલ્પ માણસે કરવો જોઈએ. તેઓ કહે છે,'' તમારે તમારી અંદર સભાન થવાનો સંકલ્પ સતત સ્થાપિત કરવો જોઈએ. અને પછી એ મનોમય સંકલ્પને એક અભીપ્સામાં પરિવર્તિત કરવો જોઈએ. તમારે નિરીક્ષણ કરવું જોઈએ. તમારી જાતનું અવલોકન કરવું જોઈએ. આંતર સચ્ચાઈથી તમારા જીવન પ્રત્યે દૃષ્ટિ નાંખવી જોઈએ. તમારી જાતને ભ્રમમાં ન રાખવી જોઈએ. તમારી જાતને છેતરવી ન જોઈએ.'' આમ અચલ સંકલ્પ અને અવિરત અભીપ્સા દ્વારા મનુષ્ય પોતાના આંતરસ્વરૂપ પ્રત્યે જાગૃત બને છે.

ત્રીજી રીત એ છે કે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું. તો જ સાચી જાગૃતિ આવે છે. એ માટે શ્રી માતાજી કહે છે, ''માત્ર પોતાની ભીતરમાં જવાથી જ અને ભીતરમાં જીવન ગાળવાથી જ તે મળી શકે છે.'આ સપાટી પરનું જીવન તો અનેક બળોના શંભુમેળા જેવું હોય છે. જો મનુષ્ય પોતાની આત્મચેતનામાં રહેતો હોય તો જ તે વિરોધી સૂચનોને ઓળખી શકે, અને તેને પોતાની અંદર આવતાં અટકાવી પણ શકે.

ચોથી રીત દિવ્યશક્તિઓ પ્રત્યેના ખુલ્લાપણાની છે. જેમ જેમ મનુષ્ય ભાગવત્ સંકલ્પ અને દિવ્યશક્તિઓ પ્રત્યે વધુને વધુ ખુલ્લો બને અને તે શક્તિઓને પોતાની અંદર સક્રિય કરતો જાય, તેમ તેમ તેની આત્મસભાનતા વધતી જાય અને પછી તો સતત બની રહે છે. એ સ્થિતિમાં જ તેની પ્રકૃતિના દિવ્ય રૂપાંતરનું કાર્ય થવા લાગે છે.

# ભગવતી આરાધના

## અધ્યાય - ૬

### સાધકની ભૂમિકા

(માં પેજ ૧૫-૧૯)

જીવન નૌકા ડગમગે, સંસાર સાગરે સદા,
કુશળ-યાત્રાને કાજે, બે હલેસાં જરૂરી રહ્યાં.

પ્રથમ જગમાત દયા, કરૂણાનો આધાર,
બીજું સબળ શ્રદ્ધા ગણી, સાધકનો નિર્ધાર.

શ્રદ્ધા સમર્પણ રૂપ રહે, વિશુદ્ધ, નિર્મળ ને પૂર્ણ,
જે શાસ્ત્રો ભિન્ન ગણે, અન્ય શ્રદ્ધાથી વિભિન્ન.

પ્રાણમય શ્રદ્ધા ઘણી, આવેગ, અભિમાન સાથ,
અંગત માગણીથી ભરી, ક્ષુદ્રસંતોષની આશ.

અધોમુખી પ્રકૃતિ રહે, ન થાય દિવ્ય કે શુદ્ધ,
જાણે ધૂમાડાથી છાયી શિખા, રહે ધુંધવાતી સદૈવ.

જીવન પ્રભુએ આપિયું, દિવ્ય કાર્ય ને અર્થ,
તેના આવિર્ભાવ ને સાધવા, તે વિણ જીવન વ્યર્થ.

પ્રભુ આપો અમને પ્રભા, શક્તિ વિશાળતા સાથ,
સ્થિર - આનંદનો પ્રભાવ રહે, વિશુદ્ધિ તણો એ ઘાટ,

મન, પ્રાણ, શરીર બને, દિવ્ય, રૂપાંતરિત ને શાંત,
એ અભીપ્સા જલતી કરો, અધ્યાત્મ તણો વિશ્વાસ.

જેને પ્રભુએ નિર્મિયાં, સ્વ-કામ કરવા કાજ,
તે લોકો તેવું બને, એવી પ્રાર્થના ને વિશ્વાસ.

પ્રભુને યશ જલદી મળે, અવરોધો બને શાંત,
એવી પ્રાર્થનાથી સભર બનો, આ સાધના તણી છે વાત.

ચિત્ત સમર્પિત રહે, સચ્ચાઈનો પમરાટ,
બધું ભગવતીમય કરો, દેશવટો અહંને ભાગ.

શ્રદ્ધાને ચેતવતા રહો, તો આગળની કાંઈ વાત,
કરૂણા-વર્ષા વરસશે, દિવ્ય-સંરક્ષણને સાથ.

આત્મવિશ્વાસ વધતો જશે, જગમાત-બાળનો ભાવ,
માનવ-મર્યાદા તૂટશે, પ્રભુશક્તિ-ધોધ ઉછાળ.

કોણ વાળ વાંકો કરે, એ અડગ થાય વિશ્વાસ,
નિર્ભયતાનો જોશ વધે, પુરાવા મળે સાક્ષાત્.

જોખમોને મુશ્કેલીઓ, હળવી બનતી જાય,
અંતે નામશેષ બની, યશ-જાજમ પથરાય.

જગમાતની હાજરી રહે, રિપુ પ્રત્યે અલિપ્ત,
રિપુ આ લોક પરલોકનાં, બને પરવશને રિક્ત.

જગમાતના માર્ગે વધો, બને દુર્યોગ સુયોગ,
વિફળ સફળ બને, સામર્થ્ય રહે અમોઘ.

નિર્બળ સબળ બને, હાર બને છે જય,
જો ભગવતી કરૂણા રહે, તો ઈશની સંમતિ હોય.

વસ્તુ ખાતરીલાયક બને, પ્રભુ-મુદ્રા રહે અકબંધ,
ઘટના નિયતિ બને, સહજ બને પ્રબંધ.

'સહજ-સત્સંગ'નું કાર્ય માત્ર વિદ્વત્તાભર્યા લખાણો જ નહિ, એ માત્ર પ્રચાર ને પ્રસાર પણ નહિ, એ માત્ર અમારું નહિ, આપણું નહિ પણ સર્વનું, સર્વની અંદર ચેતનાના અગ્નિને જલતો રાખવાનું, માની શબ્દ-ચેતના દ્વારા, માની જ કૃપા દ્વારા થઈ રહેલું આ કાર્ય છે. શબ્દ જ આપણને ઢંઢોળે છે, સુષુપ્ત ચેતનાને જગાડી દે છે. એ માના શબ્દ બ્રહ્મને શત શત વંદન છે. એ શબ્દ પાછળ ધબકતી મહાચેતનાને વંદન છે.

- શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી

# સહજ સત્સંગ

(૨૧-૪-૨૯)

## અધ્યાત્મનું અંતરંગ

માતાજી, શું સૂક્ષ્મ દર્શનો થવાં એ આધ્યાત્મિક પ્રગતિની નિશાની છે?

તે નિશ્ચિત નિશાની ન ગણાય, જે જોવાય છે તેનો સાચો આધ્યાત્મિક અર્થ સમજવાની ક્ષમતા ન પણ હોય. વળી આ બન્ને ક્ષમતા હોય છતાં તેનો આધ્યાત્મિક ઉપયોગ કરવાની ક્ષમતા પણ જુદી વાત છે. તેથી તે નિશ્ચિત નિશાની નથી.

સૂક્ષ્મ દર્શનની કક્ષાઓ પણ જુદી જુદી હોય છે. મનોમય, પ્રાણમય, સૂક્ષ્મપાર્થિવ, ચૈતસિક એવી કક્ષાઓ છે. તે પૈકી ચૈતસિક કક્ષાના દર્શનો વખતે આધ્યાત્મિક સ્પર્શ મળવાની શક્યતા વધે છે.

સૂક્ષ્મપાર્થિવ દર્શનો ભૌતિક ભૂમિકા જેવા જ સ્પષ્ટ નક્કર લાગે છે. તે સંજોગો ને હાલની આંતરિક સ્થિતિ દર્શાવતા હોય છે.

એક સાચો દાખલો આપુ. એક સાધકને કપરા ચઢાણવાળી ટેકરી દેખાઈ. તેનો ઉપર જતો રસ્તો અને શિખર ઉપર ઝળહળતો સૂર્યપ્રકાશ દેખાયો. રસ્તા ઉપર એક છ ઘોડા જોડેલી ગાડી ધીમે ધીમે ઉપર ચડી રહી છે. ત્યાં એક માણસ આવે છે. ગાડીને પાછળથી ધક્કો મારે છે. બીજો માણસ આવે છે બોલે છે.

જે ઘોડાઓને પણ મુશ્કેલ છે તે કરી શકીશ એમ લાગે છે?

આ અનુભૂતિની ચાવી છ ઘોડાઓનાં પ્રતીકમાં છે. ઘોડાઓ દિવ્યશક્તિ છે. છ નો આંક સર્જનશક્તિ. ગાડી એટલે આત્મસાક્ષાત્કારનું ધ્યેય. પહેલો માણસ એટલે સાધકની માનસિક - ક્ષમતાઓ. બીજો એટલે વિવેક શક્તિ. સૂર્યપ્રકાશ એ દિવ્યપ્રદેશ છે. રસ્તો એટલે સાધનામાર્ગ. અહિ સાધકને તેની આંતરપ્રેરણા જણાવે છે કે સ્વ પ્રયત્નથી જ શાક્ષાત્કાર શક્ય નથી. સમર્પિત થઈને રહે. તે જ તેને ઊર્ધ્વગામી બનાવશે.

દરેક વ્યક્તિદીઠ પ્રતીકો જુદા હોય છે. વળી બધા સ્વપ્નાઓ સૂચક હોય છે એવું પણ નથી. ઘણી વખત તીવ્ર સંસ્કારો સ્વપ્ન સૃષ્ટિ યાંત્રિક પ્રતિક્રિયા રૂપે નિર્માણ કરે છે. અનુભૂતિઓ બધી યાદ પણ રહેતી નથી. આ બધી મુશ્કેલીઓ

છે.

પ્રતીકો, વ્યક્તિની વિચારવાની પદ્ધતિ, ધર્મ, સમાજમાંનું, શિક્ષણ, માન્યતાઓ મુજબ જુદા જુદા હોય છે.

સ્વપ્ન સૃષ્ટિનો અભ્યાસ કરવો સાધના માટે જરૂરી છે. તે સાધક માટે તેનો પોતાનો અભાન પ્રદેશ છે. તેમાં સભાનતા લાવવી જરૂરી છે. તે માટે તપઃશક્તિરૂપી દૃઢ સંકલ્પની મદદ લો. સ્વપ્નમાં પણ પોતે સ્વપ્ન જોઈ રહ્યાં છો તેવી સભાનતા લાવવી શક્ય છે. નિદ્રાને પણ સભાન કરવી જરૂરી છે. હાલમાં તે અવચેતન કે અચેતનના પ્રદેશનો ભાગ છે. નિદ્રામાં સભાન રહેવું શક્ય છે. કારણ તે વખતે તમને શારીરિક ક્રિયા કરવા માટે ચેતના વાપરવી પડતી નથી.

માતાજી, સ્વપ્ન વિનાની અખંડ નિદ્રા શક્ય છે ? આજનું માનસશાસ્ત્ર નકારે છે.

બેટા, આપણે જેને સ્વપ્નવગરની નિદ્રા કહીએ છીએ તેમાં બે સ્થિતિનો સમાવેશ થાય છે.

(૧) તમને સ્વપ્ના આવેલાં પણ તે યાદ ન રહેવાથી તમને તે નિદ્રા સ્વપ્ન વગરની લાગે છે.

(૨) તમે અચેતનનાં પ્રદેશમાં જઈ પડેલાં હોવાથી સભાનતા જ ખોઈ બેસેલા હો છો. તે તંદ્રામય સ્થિતિ છે. આ સ્થિતિ સંમોહનને કારણે અથવા વધારે પડતા શારીરિક શ્રમને કારણે આવે છે અથવા યોગીએ સાધના દ્વારા પોતાના અવચેતનનું દબાણ ઘટાડીને મુક્તિ મેળવેલી હોય છે. યોગીની નિદ્રા ઓછા સમયની હોવા છતાં વધારે તાઝગીભરી લાગે છે.

માતાજી, સ્વપ્નામાં અમુક પરિચિત વ્યક્તિ મળે છે પણ વાસ્તવિક જીવનમાં તે પાછળથી મળતી હોય છે. (જેમ માતાજીને શ્રી અરવિંદના દર્શન થતાં હતા)

બેટા, સૂક્ષ્મ - જગતનાં જીવનમાંના સંબંધોને કારણે એમ બને છે. વાસ્તવિક ભૌતિક પરિચય તો પાછળથી થાય છે.

માતાજી, દર્શનો ખોટા હોઈ શકે છે ?

ખોટા એ અર્થમાં હોય છે કે તે ભૌતિક કે ચૈતસિક કક્ષાના હોતા નથી પણ તેમની ઈચ્છાઓને કારણે રચાયેલા માનસિક કે પ્રાણમય પ્રાદુર્ભાવો હોય છે. વિવિધ દેવદેવીઓનાં દર્શન ઘણાં ખરા આવા પ્રકારનાં હોય છે. વળી તેમાં થએલાં દર્શનો દરેકની પોતાની ધાર્મિક માન્યતા મુજબનાં હોવાથી એક જ

અનુભૂતિના વિવિધ અર્થ લેવાય છે. માનસિક બધા જ બંધનોમાંથી મુક્ત થવું જરૂરી છે. તેમાં સ્થળકાળની મર્યાદાઓ પણ આવી જાય છે.

તો, માતાજી, આધ્યાત્મિક સાક્ષાત્કાર એટલે પ્રભુની ભાગવત - ચેતનાનો સ્પર્શ પ્રાપ્ત થવો.

આધ્યાત્મિક - સાક્ષાત્કારમાં અનુભૂતિ સદા સરખી જ હોય છે. ફક્ત તેને શબ્દાંકિત કરતી વખતે કેળવણી, માન્યતા અને વલણોથી તે રંગાઈ જાય છે. શબ્દાંકન એ આપણા બાહય સ્વરૂપનું કાર્ય છે. તે ભાગવત - ચેતનાનો સ્પર્શ પ્રાપ્ત કરેલ આંતર ચેતનાનું કાર્ય નથી.

તો પછી, માતાજી. જોન ઓફ આર્કને જે દર્શનો દેખાતા તે કઈ કક્ષાનાં હતા?

રોમન - કેથોલિક જેને સંતોની સૃષ્ટિ કહે છે તે કક્ષાની તે અનુભૂતિ હતી. આપણે તેને દેવતાઈ જગત કે અધિમનસની કક્ષા કહીએ છીએ. જે અતિમનસ અને આંતરપ્રેરણાત્મક મનની વચલી સ્થિતિ છે. તે રૂપનાં ઘડનારાઓનું જેને વેદ 'ત્વષ્ટા' કહે છે તેમનું જગત છે. દેવો દરેક માટે પ્રભુએ રચેલાં સંકલ્પને અનુસરીને જ તે વ્યક્તિનું સ્વરૂપ રચતા હોય છે. જોન ઓફ આર્ક તેને આર્કેન્જલની (મુખ્ય દેવદૂતની) દુનિયા કહેતા. શાકતો તેને પરાશક્તિ અથવા પરાંબાનુ જગત કહે છે (મણિપુર) ખ્રિશ્ચિયનો કુમારિકા મેરીનો લોક. જપાનીઝ કેવેનોનનો (દયાની દેવીનો) લોક કહે છે.

માતાજી, સ્વપ્નમાં સભાન બનવા તપઃશક્તિનો પ્રયોગ કરવો એટલે શું કરવું?

તપઃશક્તિ એટલે સંકલ્પશક્તિ, તમારો દૃઢ નિશ્ચય, નિર્ધાર. તેને તમે સક્રિય કે નિષ્ક્રિય રાખી શકો છો. ભગવાનની ઈચ્છા હશે તો હું નિદ્રામાં સભાન બનીશ. આ નિષ્ક્રિય સંકલ્પ-શક્તિ છે. નિદ્રામાં સભાન બનવું એ પ્રભુનો જ સંકલ્પ છે. તેથી હું સભાન જરૂર બનીશ. અને તે માટે સમજણ મુજબ બધા જ પ્રયોગ કરીશ. આ સક્રિય તપઃશક્તિ છે. અવચેતનમાં આ સંકલ્પને ઉતારવા પુનરાવર્તિત સંકલ્પ કરવો જરૂરી છે.

તો, માતાજી, આમાં આપણો સમર્પણભાવ ક્યાં રહે છે?

સમર્પણ ભાવનો અર્થ એ છે કે પ્રભુ મને જરૂરી આંતર-પ્રેરણા આપી મને આ બાબતમાં માર્ગદર્શન આપશે અને આ પ્રયત્નોનાં જે પણ પરિણામ આવશે તે હું આનંદપૂર્વક સ્વીકારીશ. મારી પસંદગી નાપસંદગીનો આગ્રહ નહિ રાખું.

આજ સાચો સમર્પણ ભાવે છે. આને જ હું સક્રિય-સમર્પણભાવ કહું છું. નિષ્ક્રિય સમર્પણભાવ તો મૂઢતા કે તમસ સ્વરૂપ છે. આપણી તપઃશક્તિને પ્રભુના સંકલ્પમાં જોડી દેવી એ જ સક્રિય-સમર્પણ છે.

માતાજી, આપણી આધ્યાત્મિક પ્રગતિનું લક્ષણ શું છે?

બેટા, ભાગવત - ચેતનામાં જ સતત રહેવું. તે જીવનની મૂળભૂત જરૂરિયાત બની જવી. તેના વગરની સ્થિતિ અસહ્ય થવી. કાર્ય કરતી વખતે પણ પાર્શ્વભૂમિમાં ભાગવત-ચેતનાનું અનુસ્મરણ રહેવું એ જ આધ્યાત્મિકતા છે. તેને આપણે પોતાની સભાનતા કહીએ છીએ. ફક્ત ધ્યાનમાં જ નહિં. જીવનની દરેકે દરેક ગતિવિધિમાં ભાગવત-ચેતનાનો સ્પર્શ અથવા સ્વ સભાનતા અને દક્ષતાની સાચવણી, પ્રભુ સાથેની અદ્વૈતતા અનુભવવી એ જ નક્કર અને શુદ્ધ અધ્યાત્મ છે. ધ્યાન એ પ્રભુને આપવાનું રોજનું દેવું ચુકવવા બરોબર છે એમ માનનારા, ધ્યાનમાં રહી બાહ્ય વ્યવહારોને દુર્લક્ષ કરનારા અર્થાત તેમાં ભાગવત - ચેતના ન જોનારા, બાહ્ય જીવનમાં ભાગવત-સ્પર્શ ખોઈ બેસનારા હજી સાચા અધ્યાત્મ-જીવનનાં હક્કદાર નથી થયાં એમ જ સમજવું જોઈએ.

હઠયોગી કે રાજયોગી જેઓ બાહ્ય ક્રિયાને જ મહત્વ આપે છે અને હજી જેમને કૈવલ્યની અનુભૂતિ થઈ નથી, તેઓ હજી સાચી સાધનાને લાયક નથી હોતા. ભગવાનમાં જીવન ધારણ કરવું જરૂરી છે.

આપણે આમ જોઈએ તો એની પાસે કેટલાં નાના છીએ. અને છતાં આપણી શ્રદ્ધાને દૃઢ કરવા એ કેટકેટલું કરે છે. આપણે એક બીજ કૂંડામાં વાવીએ અને સાતઆઠ દિવસ સુધી એ ન ઊગે એટલે આપણે અધીર બની જઈએ અને તરત જ આપણને એમ થાય કે કૂંડાને ઊંધું વાળી દો. એમાં તો કંઈ જ નહિ ઊગે. પણ ત્યાં એ શક્તિઓ ચમત્કારિક રીતે જોતજોતામાં એ પૂર્ણ ખીલેલો છોડ બનાવી દે છે.

પૃથ્વી ઉપર એક ચોક્કસ પરિણામ લાવવા માટે એ તત્વો કેટકેટલું કરતાં હોય છે. અને આ પરિણામ લાવવા એ તત્વોમાં કેટલાં સંપથી કાર્ય થતાં હશે એની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

- ભૂપેન્દ્ર ત્રિવેદી

# ગીતામૃતમ્

## ગીતા પાસે આપણી માગણી

પ્રકરણ - ૧

(ગીતા નિબંધો ભા.-૧, પ્ર-૧ ઉપર આધારિત)

માનવી પ્રકૃતિ અજ્ઞાનમય છે. અજ્ઞાનમય એ અર્થમાં કે તે આત્માની સાચી, શુદ્ધ અને કાયમી અભિવ્યક્તિ કેવી રીતે કરવી તે જાણતી નથી. તેથી ગીતા પાસેથી આ મૂળભૂત માંગણી સંતોષાય એવી આપણી અપેક્ષા હોય છે. ગીતા આપણને આપણા આત્માને સાચી અને શુદ્ધ રીતે અભિવ્યક્ત કરવાની પદ્ધતિ અને તે માટે જરૂરી ઉપાય-યોજના સમજાવે એ જ આપણી ગીતા પાસેથી માંગણી છે.

આપણો અહંકારની પોતાનો અનુભવ, પરિસ્થિતિ, સંયોગો, ગેરસમજો અને અહંકારથી જન્મજાત પોતાનો જ સ્વાર્થ જોવાની ટેવ અને સંકુચિતતાને કારણે આત્માની અભિવ્યક્તિમાં અવરોધો અને મર્યાદાઓ નિર્માણ થાય છે. આ જ તેના અજ્ઞાનનું પરિણામ છે, કારણ જીવનનો હેતુ આત્માને પૂર્ણરીતે અભિવ્યક્ત કરવો એ છે. પણ અહંકાર પોતાના સ્વાર્થને પૂરો કરવો એજ જીવન ધ્યેય ગણે છે. પર્યાયે તેના સ્વાર્થમાં આડે આવતી વસ્તુઓ માટે ક્રોધ અને મદદરૂપ વસ્તુઓ માટે કામ અર્થાત ઈચ્છા તે ધારણ કરે છે. કામનામાંથી તેને વારંવાર સંતુષ્ટ કરવાનો લોભ અને લોભમાંથી હું મારા સંતોષ માટે તે વસ્તુ મેળવીને જ રહીશ એવો મદ નિર્માણ થાય છે. બીજી બાજુ ક્રોધમાંથી ગાંડાતૂર બનીને મોહ અને મોહમાં અવરોધ ન નિવારી શકતા મત્સર અને તેને આચરણમાં લાવતા વેર નિર્માણ થાય છે. આમ કામ-ક્રોધ, લોભ-મોહ, મદ-મત્સર આ આત્માની અભિવ્યક્તિમાં અવરોધો નિર્માણ કરતાં ષડ્રિપૂ - છ શત્રુઓ - નિર્માણ થાય છે.

આવો અહંકાર ધર્મ અને અધ્યાત્મ ક્ષેત્રે પણ મુશ્કેલી જ સર્જે છે. દરેક ધર્મ કે વિશિષ્ઠ પ્રકારની આધ્યાત્મિક સાધના એમ જ માને છે કે તે જ અંતિમ અને સર્વોપરિ સર્વશ્રેષ્ઠ ધર્મ કે અધ્યાત્મ છે. તેમાં વળી તેણે આપેલા સ્પષ્ટીકરણો જ સહુથી વધારે બુદ્ધિગમ્ય છે એવો પણ તે અહંકાર રાખે છે અને તેથી અન્ય ધર્મ

અને અધ્યાત્મને અજ્ઞાન અને વહેમમાં ખપાવી દે છે અને તેનો નિષેધ કરે છે.

ખરેખર એક જ સનાતન સત્યના આ બધા આંશિક દર્શનો હોય છે અથવા તે સનાતન સત્યના આવિર્ભાવ પ્રક્રિયાના એક વચમાંના જ તબક્કાનું દર્શન હોય છે જેને તે ભૂલથી અંતિમ સનાતન સત્ય ગણતા હોય છે. બીજું, ધર્મ અને અધ્યાત્મ અંતે તો કોઈ પયગંબર, સંત, ઋષિ, ગુરૂના સાક્ષાત્કારના આધારે રચાએલો હોવાથી તે આદ્યસંસ્થાપકની વ્યક્તિતા અને અનુભૂતિની મર્યાદાઓ તે સંપ્રદાય કે ધર્મને પણ વારસામાં જાણે મળે છે.

સહુથી મહત્વની વાસ્તવિકતા તો એ છે કે સનાતન સત્ય સમાજ દ્વારા અભિવ્યક્ત થાય છે ત્યારે તે અભિવ્યક્તિ તે સમાજની તત્કાલિન સ્થિતિને સાપેક્ષ રીતે જ વ્યક્ત થાય છે. સમાજની સ્થિતિ બદલાતા જ તે અનુસાર અભિવ્યક્તિ પણ પોતાની મેળે બદલાવા માંડે જ છે. તેથી પણ આગળ જઈને કહીએ તો તે સત્યની અભિવ્યક્તિ જે ભાષામાં અને શબ્દોમાં થએલી હોય છે તે શબ્દો પણ તે સમાજે આપેલા સંસ્કારો અનુસાર જ ચૂંટાતા હોય છે. વળી તે શબ્દોનાં અર્થની છટાઓ પણ કાલાંતરે બદલાઈ જાય છે. આવી ઘટનાને કારણે જ તે ધર્મ અને તેણે સ્વીકારેલી અભિવ્યક્તિ કાલબાહ્ય બની જાય છે. આવી રીતે દરેક ધર્મના બે ભાગ હોય છે. સનાતન સત્યને લગતો ભાગ જેને સનાતન ધર્મ કહેવાય છે અને આચાર સ્વરૂપ ભાગ જે સમાજ સ્થિતિને સાપેક્ષ હોવાથી સતત બદલાતો હોય છે. સનાતન-ધર્મનો ભાગ મહત્વનો છે આચાર-ધર્મનો નહિ.

આપણે ગીતાનાં શબ્દો પકડવાનાં નથી પણ તેણે જણાવેલા જીવંત અને સનાતન સત્યોને વિણવાનાં છે અને તે આજના અર્વાચિન-માનવનાં જીવનમાં કેવી રીતે ઢાળી શકાય અને તેનો ઉપયોગ કરાય એ રીતે સમજવાનાં છે.

ગીતામાં જીવનને 'યજ્ઞ' કહ્યો છે. યજ્ઞ એટલે કોઈ ઊર્ધ્વ શક્તિ કે તત્વ પ્રત્યેનો સમર્પણ ભાવ. સ્વાહા શબ્દનો અર્થ સ્વં જીહાતિ ઈતિ સ્વાહા છે. પોતાની સંકુચિત ચેતનાને છોડીને વધારે વિશાલ ચેતના અને સત્યમાં જીવવું એ યજ્ઞ છે. તેથી યજ્ઞનો અર્થ છે આત્મસમર્પણ. યજ્ઞ એ કર્મકાંડનો શબ્દ હોવા છતાં તેનું આધ્યાત્મિક ચિરંતન સત્ય તો સમર્પણભાવમાં જ છે.

તેવી જ ઘટના ચાતુર્વણ્ય માટેની છે. ચાતુર્વણ્ય ફક્ત શ્રમવિભાજનના વ્યવહારુ ઉપયોગીતાવાદના સિદ્ધાંતાનુસાર થએલ નથી કે તે કોઈ ધાર્મિક માન્યતાના આધારે પણ નથી. તેની પાછળ એક ખૂબજ ઊંડું આધ્યાત્મિક સત્ય છે. દરેકને કર્મ કરવું જ પડે છે અને તેનો ફાયદો સમાજને મળવો જોઈએ એ સાચુ

છે પણ કર્મનું સ્વરૂપ સમાજ નથી નિર્માણ કરતો પણ દરેક વ્યક્તિની પ્રકૃતિની ગુણવિશેષતાને કારણે કર્મનું સ્વરૂપ ઘાટ લે છે ગુણવિશેષતા એ આત્માની અભિવ્યક્તિના પ્રયત્નને કારણે નિર્માણ થાય છે. પ્રકૃતિના ગુણદોષો મારફત આત્મતત્વ પોતાને વધારે ને વધારે સારી રીતે પ્રગટ કરવાનો પ્રયત્ન કરે છે તેમાંથી પ્રકૃતિનો સ્વભાવ જન્મે છે.

આત્મ તત્વે પોતે આ જન્મે એક વિશિષ્ઠ રીતે વિકાસ પામવાનો સંકલ્પ ગત જન્મનાં મૃત્યુ વખતે કરેલો હોય છે. તે સંકલ્પાનુસાર જ તેને અનુરૂપ પ્રકૃતિ આત્માએ ધારણ કરેલી હોય છે. આ જન્મે તેની પ્રકૃતિનાં દોષોને જીતવાનો તેનો સંકલ્પ હોય છે અને પ્રકૃતિનાં ગુણોને સ્થાયી સ્વભાવ બનાવવાનો સંકલ્પ હોય છે. આ કરવું એ તે ચૈત્યપુરૂષનું લક્ષ્ય અથવા ધર્મ હોય છે. અને તેથી તે તેનો સ્વધર્મ બની જાય છે. સ્વ એટલે ચૈત્યપુરૂષ પોતે. સ્વભાવનો અર્થ પણ આ જ છે. સ્વ એટલે આત્મતત્વ તેનો આ વખતનો સંકલ્પ એ તેનો ભાવ હોય છે. આવા વલણો જન્મ સાથે જ નિર્માણ થએલાં હોવાથી તેમને 'સહજ' કર્મ પણ કહે છે. તે જ તેનું નિશ્ચિત કર્મ હોવાથી તેને 'નિયત કર્મ' પણ કહે છે. આમ સ્વભાવ, સ્વધર્મ, સહજં અને નિયતં આ બધી કર્મની વિશેષતાઓ ચૈત્યપુરૂષ સાથેના સંબંધને કારણે રચાયેલી હોય છે. સારાંશ ચૈત્યપુરૂષ પોતાના સંકલ્પાનુસાર પોતાનું જીવન-ધ્યેય નક્કી કરે છે તે માટે તેને અનુરૂપ કર્મો કરવાનું વલણ રચે છે. આ વલણને ધ્યાનમાં લઈને જ સમાજમાંની શ્રમવિભાગણી થવી જોઈએ એવો ગીતાનો આગ્રહ છે. સમાજ વ્યવસ્થા અનુકૂળ હશે તો આત્મા વિકાસ સારી રીતે કરી શકશે એ વ્યવહારૂ ભૂમિકા છે.

ગીતામાંના સાંખ્ય અને યોગ બન્ને શબ્દો આત્મતત્વની અત્યુચ્ચ બે કક્ષા સાથે સંબંધિત છે. અક્ષરપુરૂષની અવસ્થામાં આત્મતત્વ નિર્લેપ, નિષ્ક્રિય, સાક્ષીભૂત, નિરાકાર, દૃષ્ટા સ્વરૂપ અનુભવાય છે. પુરૂષોત્તમ અવસ્થામાં તેનું એક પાસુ અક્ષરપુરૂષ જેવું નિર્લેપ, નિષ્ક્રિય, નિરાકાર, દૃષ્ટા સ્વરૂપ ભાસે છે જ્યારે બીજુ ક્ષરપુરૂષ જેવું સક્રિય, સાકાર કર્તા સ્વરૂપ લાગે છે. અક્ષરપુરૂષની અનુભૂતિના આધારે જે દર્શન ઉપસે છે તે સાંખ્ય દર્શનમાં પ્રકૃતિ કાર્ય કરતી લાગે છે. યોગદર્શનમાં દિવ્યપ્રકૃતિ દ્વારા અભિવ્યક્ત થતું આત્મસ્વરૂપ જ જીવ (મમૈવાંશો) કર્મ કરતો જણાય છે. પણ તેનો ભાવ એવો હોય છે કે આત્મતત્વ જ તેની માર્ફત કાર્ય કરી રહ્યું છે.

આ બન્ને પરસ્પર વિરોધી દર્શન નથી. પણ અક્ષરપુરૂષનાં સાક્ષાત્કાર પછી

જ પુરૂષોત્તમનો સાક્ષાત્કાર થાય છે. અંતે તો બન્ને માર્ગ પુરૂષોત્તમના સાક્ષાત્કારમાં જ આવી વિરમે છે.

આવી રીતે આત્મતત્વને જીવન દ્વારા, કર્મોદ્વારા પ્રગટ કરવો એ જ સમાધિ અથવા સ્થિતપ્રજ્ઞ અવસ્થા છે પ્રજ્ઞા એ આત્મતત્વની જ જ્ઞાન-શક્તિ છે. તેની દ્વારા જ આત્મતત્વનો અનુભવ થાય છે. જેની પ્રજ્ઞા સતત આત્મતત્વનાં દર્શન કરે છે તે જ સ્થિતપ્રજ્ઞ.

ગીતામાં આમ વિવિધ દર્શનો અને સાધના પ્રણાલિઓનો સમન્વય કરવામાં આવ્યો છે તેથી ગીતાનો યોગ વિશાળ અને સર્વસમાવેશક બની જાય છે.

આવો સમન્વય ઋગ્વેદકાળમાં કરાયેલો આત્મતત્વની જ વિવિધ ક્ષમતાઓ અને શક્તિઓને જ વેદોમાં ‘દેવો’ કહ્યાં છે, તે પ્રકાશ સ્વરૂપ વિશ્વ-શક્તિઓ હોવાથી તેને દેવ કહે છે. દેવ એટલે પ્રકાશિત અથવા સ્વયં પ્રકાશિત શક્તિ. બધા દેવો આત્મ-દેવનાં જ વિવિધરૂપો ગણ્યાં છે.

ઉપનિષદ કાળમાં વિવિધ સાધના પદ્ધતિઓનો સમન્વય કરવામાં આવ્યો હતો. અર્થાત બધી વિદ્યાઓને આત્મવિદ્યાનાં સુસંવાદી અંગો તરીકે વિકસાવી હતી.

ગીતાએ જ્ઞાન, ભક્તિ અને કર્મ યોગનો સમન્વય પોતાની રીતે કર્યો. કર્મદ્વારા ભક્તિ કરી તેની દ્વારા જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કર્યો.

આજે વિજ્ઞાનયુગને કારણે હવે જે ભૌતિક જીવન અને આધ્યાત્મિક જીવન વચ્ચે ખાઈ પડી ગઈ છે તેને ભરીને ભૌતિક અને આધ્યાત્મિક જીવનનો સમન્વય કરવાની ક્ષમતા મેળવવા આ માગણી ગીતા પાસે કરીએ છીએ.

વિજ્ઞાનની શોધો ભૌતિક જીવનનાં રહસ્યો પ્રગટ કરશે. તેમનો આધ્યાત્મિક સત્યો સાથે કેવો સંબંધ છે તે શોધવામાં ગીતાની મદદની જરૂર છે. બીજું, આજે જગત એક નાનકડા એકમ જેવું બની ગયું છે ત્યારે સમગ્ર માનવ જાત માટે ઉપયોગી એવા શબ્દો અને સમજણ આપણે ગીતામાંથી મેળવી વિકસાવવા પડશે.

ભાવિ-જીવનને ઉપયોગી તત્વો ગીતામાંથી મેળવવા એ જ આપણા ગીતા અધ્યયનનો હેતુ બની રહેશે.

# વૈદિક સુક્તો

પ્રકરણ - ૩

## પુરૂષ સૂક્ત (ચાલુ)

**વિશ્વકર્માણઃ અદ્‌ભ્યઃ પૃથિવ્યૈ રસાશ્ચ્ય સમવર્તતાગ્રે ।**

**તસ્ય ત્વષ્ટા વિદધૂઃ રૂપમેતિ તન્મર્તસ્ય દેવત્વમાજાનં અગ્રે ॥**

આ અવસ્થા કે જેમાં ઉત્તમપુરૂષ મન, પ્રાણ અને શરીરનાં બધાં જ તત્વોનાં કાર્યોને પોતાના હાથમાં લે છે (વિશ્વકર્મણઃ) અર્થાત તેમની ઉપર પ્રભાવ પાડે છે. તેણે વૈશ્વિક દિવ્ય મહાપ્રાણમાંથી (અદ્‌ભ્યઃ) દિવ્ય અંશો લઈને શારીરિક તત્વો અને રસોને (પૃથિવ્યૈ રસાશ્ચ્ય) દિવ્યતા અર્પવાની શરૂઆત કરી (સમવર્તતાગ્રે). (આવા નૂતન દિવ્ય રચના નિર્માણ કરનાર દૈવી તત્વને ત્વષ્ટા કહેવામાં આવે છે. દા.ત. ત્વષ્ટા રૂપાણિ વિકરોતિ - તૈતરીયબ્રાહ્મણ - ૨.૭.૨.૧) તેથી આ ૨૧ તત્વોનાં ઘડવૈયાએ (તસ્ય ત્વષ્ટા) તેમનાં નવા ઢાળો નિર્માણ કર્યા (વિદધૂરૂપમેતિ) અને તે વિનાશી તત્વોમાં (તન્મર્તસ્ય) દિવ્યતા નિર્માણ કરી (દેવત્વમાજાનમગ્રે)

**મહાંતં આદિત્યવર્ણ પુરૂષમ્ તમસઃ પરસ્તાત્ વેદાહમેતં ।**

**તમેવવિદિત્વા અતિમૃત્યું એતિનાન્ય પંથા વિદ્યતે અયનાય ॥**

આ વિશાલ (મહાન્તમ્) અને સૂર્યપ્રકાશ જેવા સોનેરી (આદિત્યવર્ણ) ઉત્તમપુરૂષને (પુરૂષમ્), જે અચિત અને અજ્ઞાનના અંધકારથી પર છે (તમસઃ પરસ્તાત્) તેને જાણવાથી (વેદાહમેતમ્), તેમજ તેને જ ઓળખવાથી (તમેવ વિદિત્વા) મૃત્યુની પેલેપાર જઈ અમૃતત્વ પ્રાપ્ત કરી શકાય છે (અતિમૃત્યુમેતિ) આ મર્ત્ય - અવસ્થાને ઉલ્લંઘવાનો (અયનાય) બીજો કોઈ માર્ગ નથી. (નાન્યઃ પંથા વિદ્યતે)

**અજાયમાનો ચરતિ ગર્ભે અંતર બહુધા વિજાયતે ।**

**ધીરાઃ યોનિં પરિપશ્યંતિ તસ્મિન્ હ તસ્થુ ભુવનાનિ વિશ્વાઃ ॥**

પોતે અજન્મા હોવા છતાં (અજાયમાનો) તે ઉત્તમપુરૂષ રૂપી પ્રજાપતિએ (જગત નિર્મિતી પહેલાના આત્મતત્વને પ્રજાપતિ કહેવામાં આવે છે. દા.ત.

પ્રજાપતિ ર્હ વા ઈદમગ્ર એક એવાસ - શત. બ્રા ૨.૨.૪.૧) ગર્ભની અંદર પ્રવેશ કરીને (ચરતિગર્ભે અન્તર) વિવિધ પ્રાણીઓ રૂપે જન્મ ધારણ કર્યો (બહુધા વિજાયતે) પરંતુ ધીર ગંભીર સાધકો (ધીરાઃ) તે વિવિધ પ્રાણીઓના જન્મસ્થાન રૂપ (યોનિં) ઉત્તમપુરૂષને બધા સ્થળે જોઈ શકે છે (પરિપશ્યંતિ) તે ઉત્તમ પુરૂષમાં જ (તસ્મિન્ હ) સપ્ત લોકો અને ચૌદ બ્રહ્માંડો ધારણ કરેલાં છે (તસ્થુ ભૂવનાનિ વિશ્વાઃ)

**યે દેવેભ્યા આતપતિ યો દેવાનાં પુરોહિતઃ ।**

**પૂર્વો યો દેવેભ્યો જાતો રૂચાય બ્રાહ્મવે નમો ॥**

જે દેવોને પણ પ્રકાશ આપે છે (યે દેવેભ્યા આતપતિ) જે દેવોમાં મુખ્ય છે (યો દેવાનાં પુરોહિતઃ) જે દેવોના આવિર્ભાવ પહેલા જ અસ્તિત્વમાં હતો (પૂર્વો યો દેવેભ્યો) તે પ્રકાશ સ્વરૂપ (રૂચાય) ઉત્તમપુરૂષને (બ્રાહ્મવે) વંદન કરૂં છું. (નમો)

**રૂચં બ્રાહ્મમ્ જનયંતો દેવા અગ્રે તદ્ બ્રુવન્ ।**

**યસ્તુ એવં બ્રાહ્મણો વિધાત્ દેવો દેવા અસન્ વશે ॥**

પ્રકાશ સ્વરૂપ (ઋચમ્) ઉત્તમપુરૂષને (બ્રહ્મમ્) સાકાર સ્વરૂપે પ્રકટ કરનારાં (જનયન્તો) દેવોએ (દેવા) પણ પહેલાંથી જ કહ્યું છે કે (અગ્રે તદબ્રુવન્) જે આ (યસ્તુ એવમ્) ઉત્તમપુરૂષની (બ્રાહ્મણો) સાથે એકરૂપ થઈ તેને જાણે છે (વિદ્યાત્) તેને દૈવીશક્તિઓ (દેવા) વશમાં રહે છે (અસન્ વશે) અર્થાત તેને માટે દૈવી-શક્તિઓ હાતવગી રહે છે.

**શ્રિશ્ચ તે લક્ષ્મીશ્ચ પત્ન્યૌ અહોરાત્રે પાર્શ્વે ।**

**નક્ષત્રાણિરૂપં અશ્વિનૌ વ્યાત્તમ્ ઈષ્ણ ન્નિષાણામ્ ઈશાણ ॥**

શ્રી (આત્મતત્વનું અપ્રકટ વૈભવ) તથા લક્ષ્મી (આત્મતત્વનું પ્રકટ વૈભવ) જેની આજ્ઞાંકિત ધર્મપત્નીઓ છે (શ્રિશ્ચ તે લક્ષ્મીશ્ચ પત્ન્યો) અર્થાત ઉત્તમપુરૂષનાં પ્રકટી કરણ સાથે જ દૈવી સંપત્ પ્રાપ્ત થાય છે. દિવસ અને રાત્રી જેના હાથ છે અર્થાત કાળ જેનો હાથો છે (અહો રાત્રે પાર્શ્વે) નક્ષત્રો જેનું રૂપ છે (નક્ષત્રાણિ રૂપમ્) (ન+ક્ષત્ર = અવિનાશી જેનું રૂપ છે એવો) પ્રાણ અને અપાન (શ્વાસોચ્છ્વાસ) રૂપી અશ્વિનીકુમારો જેનાં મુખ છે અર્થાત જે પ્રાણદ્વારા ઉપભોગ લે છે તેવા (અશ્વિનોવ્યાત્તમ) હે ઉત્તમપુરૂષ પોતાની અવિરોધ્ય સત્ય સંકલ્પશક્તિથી (ઈષ્ણન્નિષાણામ્) સાતે લોકમાં અર્થાત યોગ ચક્રમાં જાગૃત થઈ તેમના સર્વે ના શાસક બની (સર્વ લોકં ઈષાણ) સાચા સમ્રાટ બનો (ઈશાણ)

# ઉપનિષદોનું અમૃત

પ્રકરણ - ૩

## છાંદોગ્યોપનિષદની સામ - વિદ્યા

(૧/૧-૧૧)

કુરૂક્ષેત્રમાં ઈભ્ય ગામ. ત્યાં સામગાનનો જાણકાર ચક્રનો પુત્ર ઉષસ્તિ પોતાની પત્ની સાથે રહેતો હતો. કુરૂક્ષેત્રમાં અચાનક હિમવર્ષા થઈ. ઉભો મોલ નષ્ટ થઈ ગયો. અનાજનો દુષ્કાળ પડ્યો. ચાક્રાયણ ઉષસ્તિ ભૂખ્યો મરવા લાગ્યો. તે ભીખ માગવા નીકળી પડ્યો. બપોરનો સમય હતો.

એક માહુત ઝાડની છાયામાં બેસી બાફેલા અડદ ખાઈ રહ્યો હતો. ઉષસ્તિએ તેની પાસે ભિક્ષા માગી. પણ માહુત પાસે એઠા અડદ હતાં. પણ ઉષસ્તિએ તે પણ ચાલશે કહી માગી લીધા. તેમાંથી થોડા ખાધા. બાકીના પત્નિ માટે રાખી ઘેર આવવા નીકળ્યો.

તે દિવસે તેની પત્નિને પણ ભિક્ષા મળી હતી. બન્નેએ તે ભિક્ષા ખાધી અને અડદ બીજા દિવસ માટે રાખી મૂક્યા. રાજાએ તેને યાદ કરેલો એમ જાણતા બીજે દિવસે તેમાંના થોડા અડદ ખાઈને ઉષસ્તિ રાજાએ શરૂ કરેલા યજ્ઞમાં હાજરી દેવા ઉપડી ગયો. અને આવીને સામ યજ્ઞમાં જોડાયો. સામગાનની શરૂઆત કરનારને પ્રસ્તોતા કહે છે. મધ્યભાગનું ગાન કરનારને ઉદ્‌ગાતા અને અંતિમ ચરણ ગાનારને પ્રતિહર્તા કહે છે. તેમને તેણે પૂછ્યું.

શું તમે પ્રસ્તાવના દેવને જાણો છો ? શું તમે ઉદ્‌ગાનના દેવને જાણો છો ? શું તમે પ્રતિહારના દેવને જાણો છો ? જો નથી જાણતા તો તમારો યજ્ઞ સફળ નહિ થાય અને રાજા તમારો શિરચ્છેદ કરશે.

ત્રણે ડરી ગયા અને તેમણે સામગાન ન ગાયું. રાજાનું ધ્યાન ઉષસ્તિ તરફ ખેંચાયું.

''બ્રહ્મન આપ કોણ છો ?''

''હું ચક્રનો પુત્ર ઉષસ્તિ''

''અરે આપને તો યજ્ઞ માટે મેં યાદ કરેલા પણ આપ બહાર ગામ જવાથી મારે અન્ય બ્રાહ્મણોને યજ્ઞમાં રોકવા પડ્યાં. હવે આપ આવી જ ગયા છો તો આપ જ મારો યજ્ઞ કરાવો.''

ઉષસ્તિએ માન્ય કર્યું. યજ્ઞ પૂરો થયો. રાજાની ઈચ્છા પૂરી થઈ.

પ્રસ્તોતા, ઉદગાતા અને પ્રતિહર્તા શિષ્યભાવે તેની શરણે આવ્યા. અને તેમને સાચું સામગાન શિખવવા વિનવ્યા. ઉષસ્તિએ તેમને સમજાવ્યું,'' જે સામગાન વિજ્ઞાનપૂર્વક અર્થાંત બ્રહ્મભાવ ધારણ કરીને કરવામાં આવે, યોગિક ક્રિયાઓ સાથે કરવામાં આવે અર્થાંત હેતૂને અનુલક્ષીને તેવું થશે જ એવી શ્રદ્ધા નિર્માણ કરવા અનુરૂપ કલ્પના - ચિત્રો રચી કરવામાં આવે તો જ તે સામગાન સફળ થાય છે.''

હવે દરેક તબક્કાનાં દેવોને સમજી લો. તેમની મદદ વગર સામગાન સફળ ન થાય. પ્રસ્તાવના દેવ પ્રાણ છે. પ્રાણના આંદોલનોથી જ આ જગત રચાયું છે. રાજા પણ એક પ્રાણનું આંદોલન છે આપણે પણ એક આંદોલન છીએ. આપણે બધા પ્રાણમાંથી જ જન્મ્યાં અને પ્રાણમાં જ વિલીન થવાનાં. તેથી સામગાન દ્વારા પ્રાણનું આંદોલન સર્જીને આપણે યજમાનની ઈચ્છા પણ પૂરી કરવા સમર્થ છીએ. તેથી સામગાનની શરૂઆતમાં પ્રાણનું અનુરૂપ આંદોલન રચવા તેવાં કલ્પના ચિત્રો રચતા રચતા સામગાનની શરૂઆત કરવી જોઈએ. તેથી પ્રસ્તાવના ગાન વખતે અચૂક પ્રાણ તત્વથી કલ્પના ચિત્રો રચી તેની મદદ લો.''

ઉદ્ગાતાને ઉષસ્તિએ સમજાવ્યું ''હે ઉદ્ગાતા, ઉદ્ગીથના ગાન વખતે અસીમ સુવર્ણમય પ્રકાશ સ્વરૂપ આદિત્યનું ધ્યાન શરૂ કરો. તે આદિત્ય જ પ્રસ્તાવથી રચેલાં કલ્પના ચિત્રોમાં શક્તિનો સંચાર કરશે અને તેમને ફળ આપવા માટે પ્રવૃત કરશે. આદિત્યમાં જ જઈને ઉદ્ગીથ અથવા ઉદ્ગાન વિલીન થતું હોય છે.''

પ્રતિહર્તાને તેણે સમજાવ્યું,''હે પ્રતિહર્તા, જ્યારે ધીમે ધીમે તમે સામગાનનાં અંતિમ ચરણ તરફ આગળ વધો ત્યારે તમે તે અસીમ સૂવર્ણમય પ્રકાશ સ્વરૂપ આદિત્યને લીધે શકિતસંપન્ન થએલાં કલ્પના ચિત્રો યજમાનનાં ભૌતિક જીવનમાં (અન્નમય કોષમાં) વાસ્તવિક બની રહ્યાં છે એવી દૃઢ શ્રદ્ધા સાથે પ્રતિહાર કરો. તેથી યજમાનને ઈચ્છિત ફળ જરૂર મળશે જ.

આ જ સામગાનનું રહસ્ય છે. આજ સાચી સામગાન-વિદ્યા છે. ફકત આલાપ એટલે સામગાન નહિ. ગાનમાં જ્યારે બ્રહ્મચેતના સ્વરૂપ સર્વવ્યાપી તત્વ અર્થાંત સામ સક્રિય બને છે ત્યારે જ તેને સામગાન કહેવાય છે. અન્યથા તે એક ગીત બની રહે છે. સામગાન નહિ.

# ભારતીય સંસ્કૃતિ

## ભારતીય પરંપરા

પ્રકરણ - ૧

ભારતીય સંસ્કૃતિનાં પાયા પ્રકરણ - ૨ ઉપર આધારિત)

ભારતીય સંસ્કૃતિ કે વિચાર ધારાની વિશેષતા શું છે ? તે બાબત એટલું કહી શકાય કે તેણે માનવી સ્વરૂપમાંનાં બધાં જ તત્વો અને તે મારફત પ્રગટ થતાં સત્યોનો સમગ્રતાથી અને ઊંડાણપૂર્વક, સમન્વયાત્મક ભૂમિકાથી અભ્યાસ કરીને તેમને જીવનમાં યથાર્થ અને ચરિતાર્થ કરવાનો પ્રયત્ન કરેલ છે. માનવના મન, પ્રાણ, શરીરનાં તત્વોને કલાત્મક દૃષ્ટિએ અને આધ્યાત્મિક દૃષ્ટિએ પૂર્ણતા બક્ષવાનો પ્રયત્ન કરેલ છે.

આથી પણ આગળ જઈને આવી વ્યક્તિગત તત્વની પૂર્ણતાને સર્વતત્વોની પૂર્ણતા સાથે સુસંવાદમાં ગોઠવી દેવાનો પણ પ્રયત્ન કરેલ છે. આવા પ્રયત્નોથી સંસ્કૃતિનું જે એક વ્યક્તિત્વ કે સ્વરૂપ ઘડાય છે તે ત્રણ તબક્કામાંથી ક્રમશઃ વિકાસ પામે છે.

(૧) પ્રથમ તબક્કામાં ખૂબજ સર્વસાધારણ અને નમનીય એવો ઢાચો તૈયાર થાય છે.

(૨) બીજા તબક્કામાં તે ઢાચામાંનાં વિભાગોને વિકસાવીને દૃઢ કરવામાં આવે છે.

(૩) ત્રીજા તબક્કામાં સમાજ કાલાંતરે પરિવર્તન પામવાથી તૈયાર કરેલો સાંસ્કૃતિ ઢાચો તેને અનુકુળ થતો નથી, અવરોધક લાગે છે. અને તેથી સમાજ તે પ્રત્યે ઉદાસીન બનતાં તે વિકાસ પામેલો ઢાંચો ધીમે ધીમે અવનતિ પામી નાશ પામે છે.

(૧) ભારતીય સભ્યતા પણ ઉપર મુજબનાં તબક્કામાંથી પસાર થઈ છે વેદકાલીન ઋષિઓના સત્યદર્શનો એ પ્રથમ તબક્કો હતો.

(૨) દર્શન શાસ્ત્રો, સ્મૃતિઓ, સૂત્રો લખી તેને દૃઢ કરવાનો બીજો તબક્કો હતો.

(૩) ગૌતમબુદ્ધ અને મહાવીર જેવાઓના આ ઢાંચા પ્રત્યેનાં પ્રહારો એ ત્રીજો તબક્કો હતો. જે મોગલ સામ્રાજ્ય અને અંગ્રેજોના રાજયમાં વધારે ને વધારે વિનાશક થતો ગયો.

આજે આપણે નિર્ણાયક કટોકટીનાં કાળમાં ઊભા છીએ. ઔદ્યોગિકરણ, વૈજ્ઞાનિક શોધો, યાતાયાતના ઝડપી સાધનો અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી જેવી ઘટનાઓએ સમગ્ર જગતને પાસે લાવી મૂક્યું છે અને હવે નવા વિકાસની આશા જાગી છે.

ભારતીય સભ્યતા પોતાના લાંબા અવનતિકાળમાં પૂરેપૂરી નાશ પામી નથી. તેનું કારણ તે સભ્યતાએ પ્રથમથી જ પોતાને ટકાવી રાખવા માટે કરેલું સૂક્ષ્મ આયોજન.

વ્યક્તિગત જીવનને ભારતીય સભ્યતાથી રંગવા આશ્રમ-પદ્ધતિનો વિકાસ થયો હતો. જેમાં ભારતીય સભ્યતાની સાચી ઓળખાણ આપવાની પૂરેપૂરી જોગવાઈ બ્રહ્મચર્યાશ્રમમાં વિદ્યાભ્યાસ દરમિયાન અને સન્યાસાશ્રમમાં સન્યાસીઓ દ્વારા તીર્થ ભ્રમણ કરીને સમાજને જાગતો રાખવાની સામાજિક શિક્ષણની મંદિરો દ્વારા થતી વ્યવસ્થામાં જોવા મળે છે. આ વ્યક્તિ અને સમાજ બન્ને માટેની વ્યવસ્થાએ જ આ સભ્યતાને અવનતિનાં કાળમાં પણ ટકાવી રાખી છે.

સામાજિક જીવનમાં સુવ્યવસ્થા માટે ચાતુર્વણ્ય વ્યવસ્થા એ શ્રમવિભાજનનું કામ વ્યવસ્થિત પાર પાડયું છે.

આવી રીતે ભારતીય સભ્યતાને ટકાવી રાખવામાં આ બન્ને પદ્ધતિઓનો સિંહ ફાળો છે. સમાજને ટકાવી રાખવામાં વિચારવંતો સ્વરૂપ બ્રાહ્મણો, સંરક્ષક સ્વરૂપ ક્ષત્રિયો, ઔદ્યોગિક વિકાસ માટે વૈશ્યો અને સેવાકીય કાર્યો માટે શૂદ્રોનું આયોજન મદદરૂપ નિવડ્યું છે. શરૂઆતમાં આ વર્ણ-વિભાજન જન્મના આધારે નહોતું પણ વ્યક્તિનાં ચારિત્ર્યની વિશેષ ક્ષમતાઓનાં અથવા તે કરતા કર્મના સ્વરૂપના આધારે હતું. (ગુણકર્મ વિભાગશઃ) ભારતીય સભ્યતાના ચિંતકોએ સમાજને વ્યક્તિના નૈતિક અને આધ્યાત્મિક વિકાસનાં એક જરૂરી માળખા તરીકે જ ગણ્યું છે. તે ફક્ત આર્થિક વ્યવસ્થાના શ્રમવિભાગ તરીકેનો સિદ્ધાંત નથી પણ સમાજનું વાતાવરણ વ્યક્તિ-વિકાસને અનુરૂપ રહે માટે કરેલું આયોજન છે જેમાં આધ્યાત્મિક વિકાસને સર્વોપરિ મહત્વ આપવામાં આવેલ છે.

ભારતીય  સભ્યતામાં જન્મનું દ્વિવિધ મહત્વ ગણાવ્યુ હતું. તેની દ્વારા જ વારસાગત સંસ્કારો મળે છે. એ પ્રથમ વ્યવહારૂ મહત્વ હતું. બીજું જન્મ એ ગત જન્મનાં સંસ્કારોનાં પરિણામરૂપ ગણવામાં આવતો હતો. તેમાં ચેતનાના વિકાસનું સાતત્ય માનવામાં આવેલું હતું.

જન્મનો હેતુ વ્યકિતમાં રહેલ આત્મતત્વનો સાક્ષાત્કાર કરવાનો ગણેલો હતો. તેમ કરવાથી જ વ્યક્તિગત આત્મા વિશ્વપ્રકૃતિ સાથે સંવાદમય સ્થિતિમાં રહીને તેની મદદ દેવતાઓ દ્વારા મેળવી આત્મસાક્ષાત્કાર કરી શકે છે.

આત્મસાક્ષાત્કાર પણ અંતિમ અવસ્થા ગણવામાં આવતી. આર્ય આ વંશવાચક (આર્યવંશ) શબ્દ નથી પણ સંસ્કૃતિ વાચક શબ્દ છે. આર્ય એટલે ખેડનાર ખેડૂત. પોતાના ભૌતિક માનસિક અને આધ્યાત્મિક ચેતનાને ખેડી તેની દ્વારા આત્મ-સાક્ષાત્કારનો પાક ઉતારનાર જ સાચો આર્ય કહેવાતો અને સમગ્ર જગતનાં બધાને જ આવા આર્યો કરવાનો મહાન ઉદ્દેશ આ સભ્યતાએ રાખેલો હતો (કૃણવંતુ સર્વં આર્યમયં જગત)

આવી દૃઢ વ્યવસ્થાના પાયા ઉપર આર્ય-સંસ્કૃતિ રચાઈ હતી અને વિકાસ પામી હતી. આ સભ્યતાએ પોતાના કેન્દ્રિય આત્મ સાક્ષાત્કારના ધ્યેયને ધ્યાનમાં રાખીને સાહિત્ય, કલા, શાસ્ત્રો, ધર્મો, તત્વજ્ઞાન, રૂઢિ, રિવાજો સમાજ વ્યવસ્થા, જીવન-વ્યવસ્થા, આદર્શોની (પુરૂષાર્થો) વ્યવસ્થા ગોઠવી હતી. માનવી જીવનમાં બધા જ આંતર-બાહ્ય સત્યોને શોધી તેમને જીવનમાં વણી લીધા હતા. પણ જ્યારે આ કેન્દ્રિય આદર્શને વિકૃત રીતે સમજવામાં આવ્યો, તેના માટે સમાજને અને બાહ્ય જીવનને તિરસ્કૃત કરવામાં આવ્યું, ત્યારે આ સંસ્કૃતિના પતનની શરૂઆત થઈ. આત્મ સાક્ષાત્કાર થયા પછી તમે બધા મનો ધર્મોથી પર થઈ જાઓ છો. ત્રિગુણાતીત થઈ જાઓ છો. સર્વ અસ્તિત્વ સાથે એકરૂપતા સાધો છો. હવે આવી વ્યક્તિ સામે જીવનનાં બે માર્ગો ખૂલ્લા થાય છે. સચરાચર સૃષ્ટિના ભલા માટે, તેમના આધ્યાત્મિક વિકાસ માટે સૂક્ષ્મ જગતમાં રહીને કે ભૌતિક જગતમાં જન્મ લઈને કાર્ય કરવું કે પરમ-ચેતના સાથે એકરૂપતામાં મગ્ન થઈને પરાત્પરનો આનંદ માણવો. બન્ને માર્ગો યોગ્ય હોવા છતાં ભારતીય સંસ્કૃતિ પ્રથમ પર્યાયને શ્રેષ્ઠ ગણે છે.

આ અતિભવ્ય આદર્શને પોષક ભૌતિક જીવનમાં અન્ય આદર્શો ગોઠવવામાં આવેલાં હતાં. તે છે ધર્મ (સામાજીક કર્તવ્ય), અર્થ (આર્થિક અને રાજકીય વ્યવસ્થામાં સહભાગી થવું) કામ (વ્યક્તિગત આદર્શોને પૂરા કરવા)

અને અંતે મોક્ષ (અર્થાંત આત્મસાક્ષાત્કાર) આ ચારેને જીવનમાં ચાર પ્રમુખ પુરૂષાર્થો ગણેલાં હતાં. આ રીતે આત્મસાક્ષાત્કાર માટેનાં જાણે સોપાનો તૈયાર કરીને આપેલાં હતાં.

આ બધાનાં સમન્વયથી જે સભ્યતા રચાઈ તેને આર્ય સંસ્કૃતિ કહેવામાં આવતી પણ જ્ઞાનનાં પાસાને જ મહત્વ અપાયું અને શક્તિના પાસાને તરછોડયું તેથી આ વિનાશ-ગતિ વધી ગઈ. શક્તિ વગર જ્ઞાન એક વાંઝીયું ચિંતન બની જાય છે. જે ભૌતિક-જીવનને પણ બદલાવાની ક્ષમતા રાખે તેવાં શક્તિશાળી જ્ઞાનની અપેક્ષા હતી. તેને બદલે આંતરિક જ્ઞાનને ચિંતનમાં જ પૂરી રાખવામાં આવ્યું. આને કારણે ભારતીય ચિંતકોએ રચેલ સામાજીક, આર્થિક, રાજકીય, નૈતિક વ્યવસ્થા નિષ્પ્રાણ બની ગઈ અને તેનો મૂળભૂત હેતુ માર્યો ગયો.

આવી રીતે આ ભવ્ય સંસ્કૃતિ આજે ક્ષીણ દશામાં આવી પડી છે.

## સાધુ દર્શન

**સાધુઓને મળો અને સાધુપણામાં જીવો. સાધુ-સંતોને મળવું એટલે શું ? જે તમારે સાધવાનું છે તે સાધવાના સંકલ્પ માટે તમે તેના સિદ્ધ પાસે જઈને બેસો. સિદ્ધ એટલે માત્ર ચમત્કારીક પુરૂષ જ નહિ. પોતાની સાધનામાં સફળ નીવડેલાં પ્રત્યેક સાધક સિદ્ધ છે. એનામાં જીવનની કોઈ અપૂર્ણતા રહેલી નથી. કોઈ તૃષા રહી નથી. કોઈ આસક્તિ રહી નથી. પોતાની જાત પર જેણે વિજય પ્રાપ્ત કર્યો છે તે સિદ્ધ છે. જેણે વિજય પ્રાપ્ત કર્યો છે તે સિદ્ધ છે. જેણે સર્વ કામનાઓને સાધી છે તે સિદ્ધ છે. કામનાઓ સાધવાનું એટલે જે કોઈ ઈચ્છા પ્રગટે છે તે ઈચ્છાઓના મૂળ - ઉગમમાં જઈને એ તેને જાણી લ્યે છે. અને તે કામનાઓને પોતાની ઈશ્વર પ્રાપ્તિનું સાધન બનાવે છે. આવા સિદ્ધ સાધુ-સંતોને મળવાથી તમારી કામનાઓ પણ લય પામતી જશે. એવા સિદ્ધોની આંખોમાં પરમાત્માનું તેજ વિકસતું રહે છે. એ આંખો તમને પરમ શાંતિનો અનુભવ કરાવશે.**

**- શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી**

# સાવિત્રી–સાર

પ્રકરણ-૭૭

## ધરતીનું સ્વપ્ન

(Out of..... Sleep)
(Savitri - B-1. C-3, P-29)

અશ્વપતિને પોતાના સ્વરૂપનું સમગ્રતાથી દર્શન થઈ રહ્યું હતું. પોતે પરમ-ચેતના સ્વરૂપ જ અને તેનો જ એક આવિર્ભાવ છે એનો તેને સ્વાનુભવ હતો. પણ પોતે જે આવિર્ભાવ સ્વરૂપ પોતાનું વ્યક્તિત્વ ધારણ કરેલ છે તેમાં ઉપરનાં છેડે પરમ-ચેતના પ્રગટ, પ્રકાશમય, સક્રિય, દિવ્યતાથી ભરપૂર, આનંદમય, ઉલ્હાસમય, શાંત લાગતી હતી. તે જ ચેતના જેમ જેમ પોતાના સ્વરૂપના નિમ્ન સ્તરો તરફ પ્રયાણ કરીએ તેમ તેમ જાણે તેને અચિત્‌નો અંધકાર ગળી જતો હોય, પરમ-ચેતનાનું તેજ ઝાંખુ પડતું હોય, તેની સંવાદિતામાં ભેદભાવ વધારેને વધારે સ્પષ્ટ થતા હોય એવું અશ્વપતિને લાગવા લાગ્યું. જાગૃત-મન સુધી તો સંધ્યા પ્રકાશ સમો આછો પ્રકાશ રહ્યો, પણ નીચે અવચેતન અને અચેતનના પ્રદેશમાં તો જાણે અંધકારનાં નિબિડ ઓળાં ઉતરી આવતાં લાગ્યાં અને અચેતનમાં તો તિમિરનો ઘોર અંધકાર જામેલો લાગ્યો. બધા ભેદભાવો પણ અચેતનતામાં ઓગળતાં લાગ્યાં.

અને અશ્વપતિને લાગ્યું, શું પોતે જેને અસીમ-ચેતના કહેતો હતો, સમજતો હતો તેની શું અહિંયા સીમા આવી જાય છે ? પોતે જેને સર્વસમર્થ ચેતના કહેતો હતો તેને શું અચિત્‌નો અંધકાર ગળી જાય છે ? પોતે જેને વિજ્ઞાનમય સભાન ચેતના કહેતો હતો તેનો અંતિમ છેડો શું આ અચિત્‌ના મહાસાગરમાં પ્રવેશી અલોપ થઈ જાય છે ?

અશ્વપતિ આ પ્રશ્નોના જવાબ બુદ્ધિથી શોધતો નથી પણ પ્રશાંતિમાં લીન થઈ અીભપ્સામાં સ્થિર થઈ રાહ જોતો હોય છે. ત્યાં.....

પેલા તિમિરાંધકારમાંથી તેને ધીમો, ધીરગંભીર અવાજ આવતો સંભળાયો. અશ્વપતિને શબ્દો સંભળાતા નહોતાં છતાં અર્થ બોધ તો થતો જ

હતો. ત્યાં બધું જ અસ્પષ્ટ લાગતું હતું. અંધકારનો પિછોડો ઓઢી સૂતું હતું પણ ત્યાં પણ નીચે જવાનો કોઈ ગુપ્ત કે ગૂઢ માર્ગ હશે જ એમ અશ્વપતિને લાગતું હતું. તે માર્ગ ઢંકાયેલો હશે એમ તેને લાગ્યું. ત્યાં અશ્વપતિને અર્થબોધ થવા માંડયો. તેના હૃદયમાં આત્મતત્વનો સ્પર્શ સંચર્યો ''હે અશ્વપતિ, વત્સ જો, હું બધું જ છું તો પછી આ ઘોર અંધકાર નથી એવું તું શા માટે માને છે ? જો હું પૂર્ણ હોઉં તો તેમાં અંધકાર નથી એવું તું શા માટે માને છે ? જો હું પૂર્ણ હોઉં તો તેમાં અંધકારને અને ભેદને પણ સ્થાન કેમ નહી ? જો હું અસીમ હોઉં તો આ અંધકારની પેલે પાર હું નથી એવું શા માટે માની બેસે છે ?''

અશ્વપતિ સમજી ગયો, અરે આ તો આ અંધકારમાં છૂપાયેલી, પ્રચ્છન્ન પરમ ચેતનાનો અવાજ છે. તે હાલમાં અજ્ઞાત છે. અને વણ શોધાયેલી છે. પણ ભવિષ્યમાં કોઈ નહિ શોધે એમ કેમ માની લીધું ? આ અંધકાર પણ વિશ્વનો ભાગ જ છે અને તેની પૃષ્ટભૂમિ નીચે પરા-ચેતના જ પથરાયેલી પડી છે. પણ આ પ્રચ્છન્ન પરા - ચેતનાનો અવાજ તે જ સાંભળી શકશે જે પ્રશાંતિમાં લીન હશે અને પરા-ચેતનાનો અવાજ સાંભળવાની ક્ષમતા કેળવી હશે. શ્રી અરવિંદ લખે છે કે

Out of a covert tract of slumber self
The voice came of a truth submerged, unknown
That flows beneath the cosmic surfaces,
Only mid an omniscient silence heard.

અચિત્‌ના અંધકારમાં પોતાની ચેતના જાણે ગુમાવી બેઠી છે, એવી ચેતનાને શ્રી અરવિંદ Slumber Self તંદ્રામાં રહેતી ચેતના તરીકે વર્ણવેલ છે. Covert tract એટલે ગુપ્ત માર્ગ. શ્રી અરવિંદ જણાવે છે કે ફકત શાંતિમાં તે પરા-ચેતનાનો અવાજ સંભળાતો નથી પણ તે શાંતિ સર્વજ્ઞ હોવી Omni scient હોવી જરૂરી છે. શાંતિ વળી સર્વજ્ઞ કેવી રીતે હોઈ શકે ? તેનો જવાબ છે કે પરમ-ચેતના જ સર્વરૂપ છે તેથી તે એક પરાચેતનાને જ જાણવાથી બધું જણાઈ જશે. 'એકં જ્ઞાત્વા સર્વખલુ ઈદં જ્ઞાતં ભવતિ' તેથી શાંતિમાં જ્યારે આપણે નિરાકાર પણ સર્વરૂપ, અસીમ, પ્રકાશમય ચેતના સાથે તાદાત્મય સાધીને જીવતા હોઈએ છીએ ત્યારે તે શાંતિ સર્વજ્ઞ શાંતિ Omni Scient Silence બની જાય છે. પરાચેતનાનો અવાજ પરાચેતના સ્વરૂપ થયા સિવાય સંભળાતો

નથી. અને આવી સર્વજ્ઞ શાંતિમાં આપણે આંતરપ્રેરણાત્મક મન દ્વારા જ પ્રવેશી શકીએ છીએ. સતત પરા-ચેતનાના અનુસંધાન સ્વરૂપ સભાનતાનો અસ્ખલિત પ્રવાહ વહેતો હોવો જરૂરી છે. તેવી સભાનતાનાં અવકાશમાં જ આંતરપ્રેરણાનાં વિજળીનાં ઝબકારા જોવા મળે છે. તે શબ્દાતીત ભાષા હોય છે સાધક તે જોઈને જ ભાવ અનુભવી લે છે. જોઈને જ તે ભાષા વંચાય છે. જાણે મૌનમાં બોલાતી હોય છે. તેથી તેને પશ્યંતિ-ભાષા કહે છે. સાધકને દર્શનો દ્વારા સમજાવવામાં આવે છે. શબ્દો દ્વારા નહિ. આ દર્શન જોનારી આંતરઈન્દ્રિય એટલે આપણું અંતઃકરણ. આવા અંતઃકરણમાં ભાવો દર્શન સર્જે છે અને દર્શનો ભાવો સર્જતા હોય છે. સામાન્ય માણસનાં અંતઃકરણમાં ભાવો દર્શનો સર્જતા હોય છે. પ્રિય વ્યક્તિ બાબતનો ભાવ તેની માનસ પ્રતિમા અંતઃકરણમાં 'સ્મૃતિ' સ્વરૂપે સર્જે પણ યોગીઓના અંતઃકરણમાં દર્શનો દ્વારા ભાવો જન્મતા હોતાં નથી પણ ઊર્ધ્વકક્ષાએથી અંતઃકરણમાં અવતરણ પામેલાં પ્રભુ પ્રેરીત આંદોલનોનો પરિણામ સ્વરૂપ હોય છે. આવા અંતઃકરણને શ્રી અરવિંદ "Secret Sense" ગૂઢ-ઈન્દ્રિય કહે છે. સૂક્ષ્મ ઈન્દ્રિય કહે છે. આવું વિશુદ્ધ સંવેદનક્ષમ અંતઃકરણ જ ઊર્ધ્વમાં 'અપ્રગટ' એવું ગૂઢ રીતે રહેલ નિશબ્દ ઋત અને સત્યને પકડી પાડી શકે છે. શ્રી અરવિદ જણાવે છે કે

Held by intutituve heart and secret sense
It caught the burden of secrecies sealed and dumb.

આ પ્રેરણાઓ શું અભિવ્યક્ત કરે છે ? શું કહેવા તે ઠેઠ ઉપરથી ઉતાવળે દોડીને અશ્વપતિના હૃદયમાં પ્રગટ થઈ છે ? શ્રી અરવિંદ જણાવે છે કે આ પૃથ્વીની અનંતકાળથી સેવાઈ રહેલ અભીપ્સાને તે પ્રગટ કરવા અવતરણ પામી છે. પૃથ્વીની પોતાની મૂક અને હજી સુધી અપ્રાપ્ત એવી માગણીને વ્યક્ત કરવા એ બધી આંતરપ્રેરણાઓ પ્રગટ થઈ છે.

અખિલ બ્રમાંડમાં અનંત તારાઓ સ્વરૂપ સૂર્યો છે. આવા અનંત સૂર્યોમાંનો આપણો એક સૂર્ય છે અને તેની સૂર્યમાળા છે. Solar-System છે. આ સૂર્યને જ વિવસ્વાન કહે છે. પ્રકાશમય કહે છે. પરાચેતનાનો સંકલ્પ છે કે હવે 'વિવસ્વાન' નામનાં સૂર્યના સૂર્યકૂળમાં તે પોતે પોતાને પ્રગટ કરશે. અત્યાર સુધી આવા જુદા જુદા છ સૂર્યકૂળોમાં આવા પ્રયોગો થએલાં પણ તેઓ યશસ્વી ન થવાથી પાછા પ્રલય પામ્યાં. હવે આપણા આ સૂર્યકૂળમાં જે પરા-ચેતનાના

આવિર્ભાવનો પ્રયોગ ચાલી રહ્યો છે તેને સાતમો 'વિવસ્વત મન્વન્તર' કહે છે અને ભારતીય ખાલ્ડીયન અને બધી જ જૂની ગૂઢ - પરંપરાઓમાં જણાવેલ છે કે આ વખતે આ પ્રયોગ વચમાં જ પ્રલયાવસ્થામાં સંકેલી લેવામાં નહિ આવે પણ તે પરા-ચેતનાને પૂર્ણ રીતે અભિવ્યક્ત કરશે. અને આ સૂર્યકૂળમાંના શુક્ર ઉપરથી આ પ્રયોગ શરૂ થયો અને ત્યાંથી તેનાં પૃથ્વી ઉપર બીજ વવાયા છે. જ્યારે પૃથ્વીએ સ્વપ્ન જોયું. તેના હ્રદયમાંથી પરમ-પ્રભુને પૂર્ણ રીતે પ્રગટ કરવાની અભીપ્સા જાગી અને ધરતી તેને પૂર્ણ સમર્પિત બની ગઈ. ત્યારથી ધરતીની તે માગણી હજી અધુરી જ રહી ગયેલ છે.

શ્રી અરવિંદે સાવિત્રીની શરૂઆત પૃથ્વી ઉપર જે ઉત્ક્રાંતિનાં બીજ વવાયા તેના આવા ગૂઢ વર્ણનથી જ શરૂ કરી છે.

પૃથ્વીએ જે સ્વપ્નું જોયું તેમાં પ્રભુને દિવ્ય દેહે આ ધરતી ઉપર તેણે વિચરતા જોએલાં છે. આ દિવ્ય-દેહ અપાર્થિવ નહિં હોય પણ પૂરેપુરો પાર્થિવ હશે, જે પ્રભુને વિનાવરોધે પૂર્ણરૂપે પ્રગટ કરી શકે. તે પાર્થિવતામાં અચિત્‌નો અંશ પણ નહિ હોય. તે પુરેપુરૂ નમનીય, મૃદુ, પ્રકાશમય, પ્રભુના સંકલ્પમાત્રથી સંચાલિત અને સંપૂર્ણ સત્યને ધારણ કરવા પૂર્ણ શક્તિમાન હશે. પૃથ્વીને આવા દિવ્ય-સપનાં પડી રહ્યાં છે તેથી શ્રી અરવિંદ જણાવે છે કે

It voiced the unfulfilled demand of earth
And song of promise of unrealized heavens

ધરતીને પ્રભુએ પોતે જરૂર પધારશે એવું આશ્વાસન પૂરાતન કાળથી આપેલ છે અને પ્રભુની લીલાનું સ્વર્ગ પૃથ્વી ઉપર રચાશે તેની ખાતરી પણ આપી છે.

એટલું જ નહિં પણ પૃથ્વીના અચિત્‌માં સંતાએલાં બધા સત્યો પૃથ્વી ઉપર પ્રગટ થશે. આજે ભલે તે સર્વને આવૃત કરનાર પેલા અંધકારના વત્રાસુરનાં કબજામાં હોય પણ તે પૃથ્વી હાલમાં થોડીક જ ઉપર છલ્લી જાગૃત થઈ છે. તેના પેટાણમાં તો તે સર્વ સત્યો બીજ રૂપે પડેલાં છે. તે પ્રગટ થયા વગર નહિં રહે. હવે ફકત કાળનો પ્રશ્ન છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે

And all that hides in an omnipotent sleep.

અશ્વપતિને લાગ્યુ તે ધરા-પુત્ર છે ધરતીનો છોરૂ છે અને માતાની ઈચ્છાને પૂર્ણ કરવી એ તેનો પુત્ર-ધર્મ છે. ધરતીનું સ્વપ્ન સાકાર કરવાનો તેણે માં ધરતીને કૉલ આપ્યો.

# શ્રી અરવિંદોપનિષદ

પ્રકરણ - ૧૧

**સકલભુવનાતીતઃ ।**

**સકલભુવનપ્રવિષ્ટઃ ।**

**પુરૂષોત્તમ - ચેતના સર્વ લોકોથી ઊર્ધ્વમાં પણ છે**
**અને સકલ ભુવનોમાં પ્રવેશીને પણ રહેલ છે.**

પરાત્પર ચેતના અથવા પુરૂષોત્તમ ચેતના એવી છે જે બધું જ છે. તે નથી એવી વસ્તુ નથી. તે નિરાકાર પણ છે, સાકાર પણ છે, તે સગુણ છે અને નિર્ગુણ પણ છે, તે અસીમ છે અને સીમિત બની શકે છે, તે શાશ્વત છે અને છતાં વ્યક્ત અને અવ્યક્ત બની નાશવંત પણ બની શકે છે. તાર્કિક મન જે વસ્તુઓ વિરોધી ગણે છે તેવો ત્યાં વિરોધ જ નથી, કારણ તે ચેતનામાં સત્ય સંકલ્પની ક્ષમતા છે. તે ધારે તેવી બની શકે છે. આ તેની સર્વ શક્તિમત્તાના વિવિધ આવિર્ભાવો સ્વરૂપ ઉપરનાં બધા તેનાં સ્વરૂપો છે. અને આવા સ્વરૂપોની વિવિધતાને કોઈ સીમા કે મર્યાદા નથી.

શ્રી અરવિંદ પોતાના દર્શનમાં એ સિદ્ધાંત પર આવ્યાં છે કે આ જગત પણ સત્ય જ છે. તો પછી પ્રશ્ન ઊભો થાય છે કે તેનો અને પરાત્પર - ચેતનાનો સંબંધ શો છે?

તેના જવાબમાં શ્રી અરવિંદ ઉપરનાં વિધાનો કરે છે.

પરાત્પર - ચેતના અખિલ બ્રહ્માંડમાં જે વિવિધ ભુવનો છે, લોકો છે તેમનાં બંધારણમાં બંધાતી નથી. તેથી તે જે તે ભુવનની પ્રકૃતિનાં સ્વભાવોથી પર છે. અતીત છે. શાસ્ત્રોમાં સપ્ત ભુવનોનું વર્ણન આવે છે ભુ, ભુર્વ, સ્વ, મહ, જન, તપ અને સત્ય. જડ ભૌતિક - તત્વમાંથી ઉત્ક્રાંતિ દ્વારા પરાત્પર ચેતનાનાં જે ક્રમશઃ આવિર્ભાવ થવાનાં છે, તેના આ સાત તબક્કા છે. પરંતુ શાસ્ત્રોમાં પરાત્પર - ચેતના પોતાના મૂળ સ્વભાવને તિરોહીત કરતાં કરતાં અંતે જડ ભૌતિક તત્વ બની તે અવક્રાંતિની પ્રક્રિયાનાં પણ સાત તબક્કા દર્શાવેલાં છે જેમને સપ્ત પાતાળ કહેવામાં આવે છે. તળ, વિતળ, સુતળ, મહાતળ, પાતાળ આવા સપ્ત પાતાળ વર્ણવેલાં છે. આ અવક્રાંતિના સાત તબક્કા છે. આમ કુલ ચૌદ બ્રહ્માંડો અથવા ભૂવનો અથવા લોકો વર્ણવેલા છે.

બ્રહ્માંડ એટલે ચેતનાનું એવું ખાસ સ્તર જેમાં બ્રહ્મતત્વ બીજ સ્વરૂપે, અંડ તરીકે રહેલ છે પણ હજી વ્યક્ત થએલ નથી. ભુવનનો અર્થ છે કે તે બીજ સ્વરૂપ ચેતના તે સ્તરમાં રહેઠાણ કરીને સ્થાયી થએલ છે. લોકનો અર્થ છે તે દરેક ભુવનનો પોતાનો આલોક છે, પ્રકાશ છે. ચેતનાનું ખાસ સ્તર છે.

પ્રથમ આપણે અવક્રાંતિના તબક્કા સ્વરૂપ સપ્ત પાતાળોના અર્થ સમજી લઈએ.

અતળ એટલે જેને પોતાના આધાર સિવાય અન્ય કોઈ આધાર નથી. પોતે સ્વયં પ્રતિષ્ઠિત છે. પરાત્પર ચેતના સ્વયં પ્રતિષ્ઠિત છે. તે જ અતળ છે. તેમાંથી જે અનંતરૂપે પ્રગટ થવાનો સંકલ્પ સ્ફૂર્યો તે અન્યલોકનો મુખ્ય આધાર બની ગયો તેથી તેને તળ અર્થાત આધાર કહે છે. સાંખ્ય તત્વજ્ઞાનમાં તેને પ્રધાન તત્વ કે પ્રકૃતિ કહે છે. તેમાંથી મનબુદ્ધિચિત્ત અને અહંકાર બન્યાં તેને વિતળ કહે છે. વિતળ એટલે વિશેષ પ્રકારના આધાર. આને અન્તકરણ ચતુષ્ટય કહે છે. ચતુષ્ટય એટલે ચારનો સમૂહ. અન્તકરણ એટલે આંતરિક સાધનો. આ આપણી જ્ઞાનાર્જનની આંતરિક ઈન્દ્રિયો છે. તેના દ્વારા બાહ્ય જીવન અને આંતર જીવનનું જ્ઞાન મળે છે, એટલું જ નહિ પણ પરાત્પર તત્વનો પણ સંપર્ક ચિત્ત દ્વારા સધાય છે તેમાં ચિત્-તત્વને જાણવાની જન્મજાત ક્ષમતા છે.

તેમાંથી ક્રિયાશક્તિ સ્વરૂપ, સર્જન-શક્તિ સ્વરૂપ પ્રાણતત્વ નિર્માણ થયું તેણે જ્ઞાનેન્દ્રિય કર્મેન્દ્રિય રચી. આને સુતળ કહે છે. કારણ તેમનો સાચો ઉપયોગ પરમ ચેતનાના સાક્ષાત્કારમાં ઉપયોગી નિવડે છે. બાદ ભૌતિક તત્વ નિર્માણ થયું તેને મહાતળ કહે છે. કારણ તેણે પ્રભુના આવિર્ભાવ માટે મજબૂત પાયો રચ્યો. આ ભૌતિક તત્વમાંનું અવચેતન એ તળાતળ થયું. તળનું પણ તળ અને અચિત્ એ પાતાળ થયું. આવી રીતે સાત આધાર અર્થાત તળ નિર્માણ થયાં છે. તે બધાને તત્વો કહેવાય છે કારણ તે પરાત્પર-ચેતનાએ લીધેલાં જ સ્વરૂપો હોવાથી તેમાં પ્રભુ જેવા જ ગુણધર્મો બીજ સ્વરૂપે રહેલાં છે. તેથી તેમાં તદ્‌ત્વ છે. એમ કહેવાય તેથી તેને તત્વ કહે છે.

ઉત્ક્રાંતિના તબક્કાઓમાં અચિત્, અવચેતન અને ભૌતિક પદાર્થ મળીને ભૂલોક નિર્માણ થયો છે. આ ખનિજ, રસાયણ, ક્ષારોનો બનેલો છે તેમાં થતી રાસાયણિક ક્રિયાઓ તેમાં રહેલ અવચેતનની પ્રતિક્રિયાને કારણે નિર્માણ થાય છે. તેમાંનીજડતા અચિત્‌ને આભારી છે.

જ્યારે આ ભૂલોકમાં પ્રાણતત્વનો આવિર્ભાવ થયો ત્યારે તેમાંથી ભૂવર્લોક

નિર્માણ થયો. તેમાં બેકટરિયાથી માંડી પ્રાણીજગત સુધીની સૃષ્ટિ આવી જાય છે. મરણોત્તર પ્રાણમય અસ્તિત્વ પણ આનો જ ભાગ ગણાય છે. તે પછી મનોમય સૃષ્ટિ નિર્માણ થઈ તે સ્વર્ગલોક કહેવાય છે. કલા, સાહિત્ય, વિજ્ઞાન ક્ષેત્રની ચેતનાની મરણોત્તર મનોમય સૃષ્ટિનો પણ આમાં સમાવેશ થાય છે. તેમને યક્ષગંધર્વાદિના લોક કહે છે. આવા કલાત્મક માનવમાંથી મહાન-આદર્શો માટે જીવન સર્વસ્વ ખર્ચી નાખનાર મહામાનવોનો લોક આવે છે. તેવા સત્વોની મરણોત્તર હસ્તી પણ આ જ લોકનો ભાગ છે. આ પછીના તબક્કામાં સાચી અધ્યાત્મવિદ્યામાં પ્રવેશનાર જીવોનો લોક છે. તેઓમાં અધ્યાત્મની સમજણે જન્મ લીધેલો હોવાથી તેને જનલોક કહે છે. સાચા સાધકોની મરણોત્તર હસ્તીનો લોક પણ આનો જ ભાગ ગણાય છે. સાચી સાધનામાં એકાગ્ર થતાં ઉગ્ર તપશ્ચર્યાના તબક્કામાં પ્રવેશેલા સત્વોના લોકને તપો-લોક કહે છે. તેમજ આ તબક્કાના મરણોત્તર હસ્તિનો લોક પણ આ લોકનો જ ભાગ ગણાય છે. અંતે પરાત્પર-ચેતનાનો સાક્ષાત્કાર થતા તેવા સત્વો ભૂતળે સત્યલોક સર્જે છે. આવા સાક્ષાત્કારી સત્વોની મરણોત્તર સ્થિતિના લોકને પણ આ જ લોકનો પ્રદેશ ગણવામાં આવે છે.

સારાંશ ભૂતળે તેમજ સૂક્ષ્મ કક્ષાએ આ બધાં જ ચૌદ લોક હસ્તિ ધરાવે છે.

આ બધી સાકાર સજીવ સૃષ્ટિથી પણ ઊર્ધ્વક્ષેત્રમાં જ્યાં અવક્રાંતિ કે ઉત્ક્રાંતિની ઘટના થઈ જ નથી. તેવા અચલ પ્રદેશમાં પણ પરાત્પર-ચેતના તો હાજરાહજૂર જ છે. તેથી તેને સકલભુવનોથી અતીત પણ કહેલી છે. પણ તેનો અર્થ એવો નથી કે જ્યાં અવક્રાંતિ કે ઉત્ક્રાંતિ થઈ છે ત્યાં તે નથી. આ જે સાકાર સજીવ સૃષ્ટિ નિર્માણ થઈ છે તેમાં પણ તે પ્રવેશીને રહેલી જ છે. તેથી તેને સકલ ભૂવનોમાં પ્રવેશીને રહેલ ચેતના કહી છે. આવી પ્રવેશીને રહેલી ચેતનાને જ 'વિષ્ણુ' કહેવાય છે (વિશતે પ્રવિશતે ઈતિ વિષ્ણુ) તેમાં થતાં પ્રભુના અવતરણને જ તેથી વિષ્ણુના અવતાર ગણવામાં આવે છે.

સારાંશ પરાત્પર ચેતના સૃષ્ટિમાં અને સૃષ્ટિ બહાર બધે જ આંતર-બાહ્ય વ્યાપ્ત છે.

**મારામાં હજુ પણ અહંકાર છે**
**એવું જ્ઞાન સતત થયા કરે ત્યારે જ નમ્રતા પ્રવેશ કરે છે.**
**-ભૂપેન્દ્ર ત્રિવેદી**

# પત્રોત્તર

## અતિમાનસ - ઉત્ક્રાંતિ

પ્રકરણ - ૧

## ચેતનાના વિકાસમાં પ્રજ્ઞાની ભૂમિકા અને કાર્ય

(યોગ વિષે પત્રો પેજ - ૧થી ૮)

ઉત્ક્રાંતિ એટલે ઊર્ધ્વ તરફની વિકાસની ગતિ. પણ આ વિકાસની ગતિ સીધે સીધી રોકેટની જેમ ઊર્ધ્વારોહણ કરતી નથી. પણ પર્વતની પગદંડીની જેમ ચક્રાકાર ગતિથી ધીમે ધીમે ઉપર ચડતી જાય છે. દરેક ચક્રાકાર ગતિ થોડુંક ઊર્ધ્વારોહણ કરાવે છે.

ઘણી વખત ઉત્ક્રાંતિનો પાયો નબળો રચાયો હોય તો તેને કારણે ભવિષ્યનો વિકાસ ખોરંભે ન ચડે તે માટે તેને પાકો કરવા પુનરાવર્તન માટે તે ચક્રાકાર ગતિ નીચે ઉતરતી પણ લાગે છે. તેથી આ ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં આરોહણ અને અધોગમન અથવા પ્રગતિ અને સ્થગિતતા એવા ગાળાઓની છાપ ઊભી થતી હોય છે.

સાધકે અધોગમન અથવા સ્થગિતતામાં સમતા, ધીરજ, પ્રભુ પ્રત્યેની અડગ શ્રદ્ધાની શક્તિ ઉપર મદાર બાંધી આ તબક્કો પસાર કરવાનો હોય છે. સાધકે આ સાધનાકીય મંદતાના ગાળામાં એક જવલંત શ્રદ્ધા રાખવાની હોય છે કે આ ઉત્તરરાત્રીનો ઘેરો અંધકાર પોતાના ગર્ભમાં નવી પરોઢનો પ્રકાશ પણ ધારણ કરી રાખતો હોય છે. સ્થગિતતા એ સાધનાકીય પરિણામો પચાવવાનો તબક્કો હોય છે. તે પુરો થતાં જ નવા વેગથી નવી પ્રગતિ જરૂર સધાશે. બીજુ, આ પ્રક્રિયા બધા માટે લાગુ પડતી હોવાથી પોતે યોગ માટે અયોગ્ય છે, એવી હીનભાવના આ તબક્કા દરમિયાન ન પ્રવેશી જાય તેની પણ કાળજી રાખવી પડે છે. આ માટે મારી સાધનાનું સંચાલન પ્રભુ પોતે જ કરી રહ્યાં છે, એવો દૃઢ ભરોસો અને નિષ્ઠા જાળવવાની હોય છે.

પર-ચેતનાએ સર્જનનાં બધા જ સ્તરે અવતરણ કરેલ છે અને દરેક તબક્કે સુપ્તક્ષમતા તરીકે ત્યાં વસી છે. તે કક્ષાની ચેતનામાં તે કક્ષાને અનુરૂપ નામરૂપો, સૃષ્ટિ અને સ્વતંત્ર જગત સર્જવાની ક્ષમતા હોય છે. આ સત્યમાંથી અવચેતન અને અચેતન પણ બાકાત રહેતા નથી. અર્થાંત ત્યાં પણ પરમ-ચેતના હાજર જ

હોય છે.

આવા અસ્તિત્વના દરેક સ્તરે રહેલી ગુપ્ત પરમ-ચેતનાને જ 'અંતઃપ્રજ્ઞા' કહે છે. તે જ જે તે કક્ષાના સર્જનોનો વિકાસ સાધે છે. તેની પાછળ તેનો એકજ હેતુ છે. તે કક્ષાએ પરમ-ચેતનાને વધારેમાં વધારે પૂર્ણ રીતે પ્રગટ કરવી. આવી ધીમે ધીમે પ્રાપ્ત થતી પૂર્ણતા એ જ ઉત્ક્રંતિ છે. ચેતનાનો વિકાસ છે.

આવી અંતઃપ્રજ્ઞાને સહજ પ્રજ્ઞા કે ફક્ત પ્રજ્ઞા પણ કહે છે. તે મનોમય કક્ષા સુધી પડદા-પાછળ રહીને કામ કરે છે. પણ મનોમય કક્ષા વટાવીને ઉત્ક્રાંતિ જ્યારે અધ્યાત્મિક ભૂમિકામાં આરોહણ કરે છે ત્યારે તે પ્રજ્ઞા પ્રગટ થઈ, આગળ આવી, સીધે સીધુ કામ કરવા માંડે છે.

પ્રકાશમય મન, અંતઃપ્રેરણાત્મક મન અને અધિમનસ કક્ષાએ ક્રમશઃ તેની પડદા પાછળની પ્રવૃત્તિ સતત વધતી જતી હોય છે. તે પોતાને પ્રગટ કરવા માટે અને સીધે સીધુ કાર્ય કરવા માટે પોતાનું કાયમી સ્થાન બનાવવા માંડે છે.

ભારતના આધ્યાત્મિક ઈતિહાસ તરફ જોશું તો જણાશે કે વૈદિકકાળના ઋષિમુનિઓએ આ પ્રજ્ઞાને પોતાની વ્યક્તિગત સાધનાથી અગ્રભાગે લાવીને તેમની મદદથી વૈદિક-સુક્તો, ઉપનિષદો રચ્યાં. તેમાં સામાન્ય બુદ્ધિનું કાર્ય ગૌણ બની ગએલું. તેથી ભારતમાં પ્રજ્ઞા-જાગરણનો તબક્કો પહેલા આવ્યો. તે પછી તાર્કિક-ક્ષમતા ધરાવતી બુદ્ધિનો વિકાસ દર્શનોનાં રચનાકાળમાં પ્રગટ થયો.

પ્રજ્ઞાને જ મેધા, ઋતંભરા પ્રજ્ઞા વગેરે નામથી બોલાવે છે. આ મેધાશક્તિ જ્યારે પ્રાણમય સ્તરે પણ પ્રગટ થવા લાગે છે ત્યારે તેને 'અશ્વમેધ યજ્ઞ'' કહે છે. અશ્વ એ પ્રાણશક્તિનું વેદકાલિન પ્રતીક છે. તે પ્રજ્ઞા જ્યારે મનદ્વારા પણ પ્રગટ થવા લાગે છે ત્યારે તેને 'નરમેધયજ્ઞ' કહે છે. નર અથવા માનવ એ મનોમય પ્રાણી છે. જ્યારે આ પ્રજ્ઞાશક્તિ પાર્થિવ-સ્તરે પણ પ્રગટ થવા માંડે છે ત્યારે તેને 'ધર્મમેઘ' કહે છે. તે મેધા સ્વરૂપનાં બધા જ સ્તરોને ધારણ કરતી થાય છે. વૈદિકકાળનાં 'વૈશ્વદેવ યજ્ઞ' ના મંત્રો એ બધા જ 'મેધયાગ્નિ પ્રજ્વલિત કરવાની પ્રક્રિયા દર્શાવતા મંત્રો છે. દા.ત. યા મેધાં દેવગણાઃ પિતરશ્ચોપાસતે તયા મેધાયાગ્ને મેધાવિનં કુરૂ સ્વાહા॥

આ મેધા અથવા પ્રજ્ઞાનું કાર્ય શું છે ? શ્રી અરવિંદ જણાવે છે કે તે પ્રજ્ઞા આપણા સ્વરૂપનાં નિમ્ન-કક્ષાના તત્વોને ટોચ ઉપર રહેલ આધ્યાત્મિક ચેતના સાથે જોડીને તેમને પ્રકાશમય અને રૂપાંતરિત કરે છે. સારાંશ રૂપાંતર કરનારી

મૂળ શક્તિ જ પ્રજ્ઞા છે. તે ચૈત્યપુરૂષની જન્મજાત ક્ષમતા છે. ચૈત્યપુરૂષને જ 'પ્રાજ્ઞ' કહે છે. પ્રાજ્ઞ એટલે પ્રજ્ઞા ધરાવતો પુરૂષ. ચૈતસિક જ્ઞાન મેળવવાનું તે બુદ્ધિથી પણ ઉપરની કક્ષાનું એક સાધન છે.

પ્રજ્ઞાશક્તિનો ઉપયોગ કરીને પ્રાણશક્તિ દ્વારા ઊર્મિપ્રધાન યોગની રચના એટલે જ ભકિતયોગ. આ જ ભક્તિયોગ ભજનો, કાવ્યો, શિલ્પ, નૃત્ય કલા દ્વારા પણ અભિવ્યકત કરવામાં આવ્યો છે.

હઠયોગે પ્રજ્ઞા-શકિતની સહાયથી શરીરના આંતર અવયવોને નિરામય કરી યોગ-સાધનાનો ભૌતિક-પાયો મજબૂત કરવાનો પ્રયત્ન કર્યો છે. શારીરિક તત્વનું રૂપાંતર કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમાં વિશેષતઃ શારીરિક મનની મર્યાદાઓનો નાશ કરી શરીરને અષ્ટસિદ્ધિ અને વિભૂતિ પ્રાપ્ત કરવા સમર્થ કર્યો છે. સારાંશ પરમ-ચેતનાની બધી ક્ષમતાઓને શરીર દ્વારા પ્રગટ કરવા શરીરને સક્ષમ કરે છે (કેવલ રાજયોગાય હઠવિદ્યોપદિશ્યતે-હઠમાર્ગપ્રદીપિકા) પણ આ નિરામય પરંપરા લોપ પામી અથવા પોતાના મૂળભૂત હેતૂને ભૂલીને સિદ્ધિઓ અને ચમત્કાર પાછળ પડી ગઈ. તેથી ભારતમાં ધીમે ધીમે ભૌતિકતત્વનું રૂપાંતર શકય જ નથી, એવી સર્વસાધારણ અને સર્વમાન્ય ગેરસમજ પ્રસ્થાપિત થઈ ગઈ. તેને કારણે અધ્યાત્મમાંથી શારીરિક રૂપાતરના પ્રયત્નો પડતા મુકાયા.

શ્રી અરવિંદ જણાવે છે કે આ ચેતનાનો વિકાસ આજે માનવ તબક્કે ચાલતો હોવાથી આપણે સહજ રીતે માનવ-ચેતનાના વિકાસ બાબત બોલીએ છીએ. પણ ખરેખર તો માનવ એ પાર્થિવ-જગતનો જ અંશ છે. ખરેખર માનવના પ્રમુખપદ હેઠળ આ પૃથ્વિની ચેતના જ વિકાસ પામી રહી છે. ખરેખર તો પૃથ્વિની ચેતનામાં જ વિકાસ થઈ રહ્યો છે અને માનવી - ચેતનાનો વિકાસ એ તે વિકાસનું એક મહત્વનું ઘટક માત્ર છે. માનવી - ચેતનાના વિકાસમાં તાંત્રિકો અને વૈષ્ણવોએ પ્રાણમય તત્વને, ઊર્મિપ્રધાન તત્વોને, પ્રભુ તરફ વાળ્યાં.

વેદાંતે મનસ્તત્વને પ્રભુ તરફ વળ્યું તેમ ભૌતિક તત્વને પણ પ્રાણ અને મને ગુંદીગુંદીને, મસળી મસળીને નમનીય કરીને શારીરિક-તત્વ રચ્યું છે. તેને પણ પ્રભુ તરફ વાળવાની જરૂર છે જ.

ચેતનાના વિકાસમાં સંઘર્ષ બધા જ તબક્કે અટળ છે એવું નથી. પણ મનોમય કક્ષા વટાવવા સુધી આજના તબક્કે તે અનિવાર્ય લાગે છે. આત્માના વિકાસનો માર્ગ તો શાંતિ, પ્રકાશ અને સંવાદમયતાનો છે. પણ મલિન તત્વો અને શક્તિઓ જ્યારે આત્મતત્વના પ્રકાશને હોલવી નાખવાનો પ્રયત્ન કરે છે ત્યારે આત્માને

અનિચ્છાએ પણ સંઘર્ષમાં ઉતરી પોતાનું રૂદ્ર-સ્વરૂપ પ્રગટ કરવું પડે છે.

પ્રાણમય જગતમાં આવી મલિનતા ભરપૂર છે. તે આત્માના વિકાસને રોકી રાખી તેને પોતાના કાબુમાં રાખવા માગે છે. આ કાબુમાં રાખવા તે પ્રાણમય જગતનાં સત્વો, શકિતઓ પોતાનો પ્રભાવ પાડીને જ કાબુ મેળવવા પ્રયત્ન કરે છે. અવતરણ તો ભાગ્યે જ કરે છે. આવા સત્વો પોતાનો પ્રભાવ વિસ્તારવા વ્યક્તિ કે રાષ્ટ્ર કે ધર્મ કે કોઈ ત્રાસવાદી સંસ્થાનો પણ ઉપયોગ કરતાં દેખાય છે.

પ્રાણમય જગત આ ભૌતિક જગત કરતાં પણ વિશાળ છે. અને તે સતત આ ભૌતિક જગત ઉપર પોતાનું દબાણ રાખે છે. તેથી આત્માના વિકાસમાં આ તબક્કે સંઘર્ષ અનિવાર્ય બની ચુકયો છે.

પણ આ પ્રાણમય જગતનું દબાણ અતિમનસ - અવતરણને અટકાવી શકે એમ નથી. કારણ અતિમનસ-શકિત દુર્જેય છે. બીજું, પ્રભુનો જ આ અવતરણનો સંકલ્પ છે અને પ્રભુની પળ ચાલુ જ છે. અતિમનસ અવતરણ થઈ ચુકયું છે. તે એક નક્કર હકીકત છે તે શારીરિક કક્ષાએ સ્થિર છે. ત્રીજું, અતિમનસ જગતના બીજ ભૌતિક જગતમાં વવાઈ ચુક્યાં છે. તેનો નાશ હવે થવો શકય નથી. પ્રાણની બધી જ વિકૃતિઓ અતિમનસ પ્રકાશમાં ઓગળવા માંડે છે અને નાશ પામે છે. તેથી પ્રાણમય જગતનું દબાણ હાલમાં પ્રચંડ રીતે ત્રાસવાદ, ભોગવાદ, સ્વચ્છંદી વૃત્તિ, તરીકે પ્રગટ થતાં હોવા છતાં તેનો નિકાલ થઈ જ જવાનો છે. કદાચ પ્રાણમય જગતનો આ અંતિમ મરણીયો પ્રયત્ન બની રહેવાની શકયતા છે. અવચેતન અને અચેતનના ઉછાળા આ પ્રાણમય જગતને મદદરૂપ થઈ રહ્યાં છે. વ્યક્તિગત અને રાષ્ટ્રીય બન્ને સ્તરે આવી ઘટનાઓ આપણે સ્પષ્ટરીતે અનુભવી રહ્યાં છીએ. પણ આ ઘટનાને સ્વચ્છતાની પ્રક્રિયામાં નિર્માણ થતા ઉભરા તરીકે જ ગણવાની રહે છે. આ શુદ્ધિકરણની પ્રક્રિયામાં નિર્માણ થએલ હળાહળ વિષ છે.

**અનંત માટેની અભીપ્સા આપણને અનંતમાં વિસ્તારે છે. જેના પર અનંતની પસંદગી ઉતરી છે એવાં જ આ અનંતની અભીપ્સામાં જીવે છે.**

**૧૨.૪.૮૦ -ભૂપેન્દ્ર ત્રિવેદી**

# બે ગાયત્રીઓ

(વિશ્વામિત્રની અને શ્રી અરવિંદની) .. સુન્દરમ્

( સાભાર, દક્ષિણા એપ્રીલ ૧૯૬૪)

ॐ तत् सवितुर्वरं रूपं ज्योतिः परस्य धीमहि ।
यन्नः सत्येन दीपयेत् ।।

શ્રી અરવિંદે આ નવો ગાયત્રી મંત્ર આપ્યો છે. આપણે જે ગાયત્રી મંત્ર જપતા રહ્યા છીએ તે આ પ્રમાણે છે :

ॐ तत् - सवितुः वरेण्यं भर्गो देवस्य धीमहि,
धियो योनः प्रचोदयात् ।

આમાં સવિતા દેવના ઉત્તમ તેજનું અમે ધ્યાન કરીએ છીએ અને તે અમારી બુદ્ધિઓને પ્રેરો - આમ કહેવામાં આવ્યું છે.

શ્રી અરવિંદના મંત્રમાં હવે આમ આવે છે -

આમાં 'દેવસ્ય'ને બદલે 'પરસ્ય' શબ્દ શ્રી અરવિંદે મૂક્યો. 'વરણ્યં ભર્ગ' ને બદલે 'વરં રૂપં જ્યોતિઃ' મૂક્યું, 'ધિયઃ' ને બદલે 'નઃ' મૂક્યો, 'પ્રચોદયાત્' ને બદલે 'દીપયેત્' મૂક્યો. અને 'સત્યેન' શબ્દ ખાસ ઉમેરી આપ્યો.

એટલે કે પહેલાં સવિતા જે દેવ હતા તે હવે 'પર' પરમ તત્ત્વ - supreme - બને છે, એના 'વરેણ્ય ભર્ગ'ની ઉપાસનાને બદલે, એટલે કે ઉત્તમ તેજની આરાધના કરવાને બદલે તેનું જે 'વરં રૂપં જ્યોતિઃ' આખું સમગ્ર પરમ રૂપ છે, કે જે જ્યોતિ છે તેનું ધ્યાન કરીએ છીએ, અને એ પરમ રૂપ આપણી 'ધિયઃ' - બુદ્ધિને જ માત્ર નહિ પણ આપણને - નઃ - એટલે કે આપણા આખાયે સ્વરૂપને પ્રકાશિત કરે, પ્રચોદયાત્ - એટલે પ્રેરણા આપે એમ નહિ, પણ દીપયેત્ - પ્રકાશમય કરી આપે એવી પ્રાર્થના છે.

અર્થાત્ આ મંત્રમાં સવિતા તે માત્ર દેવ નથી રહેતા, તેમ જ તેજધારી સૂર્ય નથી રહેતા, અને તે માત્ર બુદ્ધિને જ પ્રેરણા નથી આપતા, પણ આ સવિતા તે પરમ પરમાત્મા પોતે બને છે, અને તે જગતના સર્જનહાર તરીકે, 'સવિતા' તરીકે આપણી સમક્ષ પ્રગટ થાય છે. એ પરમાત્માના માત્ર તેજનું નહિ પણ તેનું જે જ્યોતિર્મય અખિલ રૂપ છે, અને તે 'વરં' - ઉત્તમોત્તમ, તે સંપૂર્ણ પરમ રૂપની આપણે આરાધના કરીએ છીએ. અને એ રૂપ માત્ર આપણી બુદ્ધિને પ્રેરણા આપીને, ગતિમાં મૂકી આપીને અટકી જતું નથી, કેમકે બુદ્ધિ ગતિમાં આવે તે પછી પણ તેણે ક્યાં ગતિ કરવી એ પ્રશ્ન તો રહે છે જ. એટલે શ્રી અરવિંદે એ વાત

બરાબર પૂરી સ્પષ્ટ કરી આપી કે આ સવિતા માત્ર બુદ્ધિને પ્રેરણા આપે એમ નહિ, પણ આ જે પરમ પ્રભુનું ઉત્તમ રૂપ છે, એ રૂપ - યત્ - પોતે આપણને સત્ય વડે પ્રકાશમય કરી આપે. અર્થાત્ આપણી બુદ્ધિ ઉપર જ નહિ પરંતુ આપણા આખા સ્વરૂપ ઉપર તેના પ્રકાશની તેજોમય વર્ષા થાય અને આપણે પ્રકાશમય બનીએ.

આમ આ નવી ગાયત્રીમાં પરમાત્માના પરમ સર્જક તરીકેના સમગ્ર સ્વરૂપનું ધ્યાન કરવામાં આવે છે અને એ રૂપ આપણા સમગ્ર સ્વરૂપની સમક્ષ સત્યને રજુ કરે છે અને એ સ્વરૂપને આલોકિત કરે છે. એકલું તેજ નિરાકાર વસ્તુ છે. પરંતુ રૂપ એ સાકાર વસ્તુ છે. અને પ્રભુનું જે આકારબદ્ધ રૂપ છે તેની સાથે જ આપણો સંબંધ રચાઈ શકે છે. અર્થાત્ પ્રભુના રૂપનું - મૂળ ઉત્તમોત્તમ રૂપનું ધ્યાન કરવું જોઈએ. અને એ રૂપનું ધ્યાન કરતાં કરતાં એ રૂપ કરતાં એ રૂપ આપણે માટે કાર્ય કરે છે, એ રૂપ આપણી સમક્ષ પ્રગટ બને છે. અને આ રૂપ પ્રગટ થવું એ ખરેખર ઘણી અદ્‌ભુત ઘટના છે. પ્રભુ વિશ્વરૂપ છે, પણ એ ઉપરાંત તેમની વ્યક્તિતા પણ છે, એ પ્રભુ એક વ્યક્તિમય રૂપે પણ છે. અને આવું વ્યક્તિમય રૂપ આપણને દેખાય તો તે આપણા વિકાસમાં મહાન ભાગ ભજવી જાય છે. પ્રભુનું એ રીતે પ્રગટ થતું રૂપ જે પરમ સત્ય છે તેને આપણી સમક્ષ પ્રગટ કરે છે. આપણા ઉપર એ સત્યને સક્રિય કરે છે અને સત્ય વડે તે આપણને 'દીપિત' કરે છે. 'દીપયેત્' શબ્દ પણ ઘણો જ લાક્ષણિક અને અર્થવાહક છે. વીજળીનો ગોળો જેવી રીતે પોતાની અંદરના પ્રકાશથી પ્રજ્વલિત બને છે, તેમ વ્યક્તિરૂપે આપણે પોતે પેલું સત્ય આપણામાં પ્રગટ થતાં પ્રકાશરૂપ બની જઈએ છીએ. વ્યક્તિ તરીકે આપણે રહીએ છીએ, પણ તે માત્ર વીજળીના કાચના ગોળા જેવા, એ ગોળામાં ખરી વસ્તુ તો પેલો વચ્ચે રહેલો વીજળીના પ્રવાહને ઝીલીને પોતે તંતુ તંતુમાં પ્રકાશમય બની જતો તાર હોય છે, તેમ આપણી ભીતરમાં આ તાર - filament - તે આપણો ચિત્‌પુરુષ - આપણો આત્મા છે. અને તેમાં પરમાત્માનું પરમ સત્ય ઉતરી આવે છે. અને આપણો આત્મા એ પ્રકાશને સાધનાની ક્રિયા જગતમાં રેલાવે છે. આમ માણસનું વ્યક્તિત્વ કેવી રીતે દિવ્ય પ્રકાશમય બની જાય તે આખી સાધનાની ક્રિયા આમાં આવે છે. એક છેડે પરમ જ્યોતિર્મય રૂપવાળા પ્રભુ છે અને બીજે છેડે આપણે હજી અંધકારમય વીજળીના ગોળા જેવા છીએ. એ ગોળામાં તેજને ધારણ કરનારી સામગ્રી - ચૈત્ય પુરુષ તો છે જ. પણ પેલો પરમ પ્રકાશ - તેનું સત્ય તેમાં ઉતરે ત્યારે તે પ્રકાશમય બની જાય છે. વ્યક્તિ તે પરમાત્માના પ્રકાશને ઝીલતો ને પ્રકટ કરતો આત્મા બની જાય છે, અને એ રીતે જગતમાં તે પ્રકાશને વિસ્તારવા લાગે છે.

સૌજન્ય : દક્ષિણા - એપ્રિલ ૧૯૬૪

# સુંદર કથાઓ

(પેજ ૫૧-૫૨)

## મનોનિશ્ચય

દક્ષિણ ભારતનો મલબાર પ્રદેશ. મલય પર્વત ઉપરના ચંદનવૃક્ષોથી સુવાસિત આ પ્રદેશ છે. આખો પ્રદેશ લીલોછમ. અને કુદરતના ખોળે નાના નાના ગામડાં. પાદરેથી નદી વહે. લોકો આનંદથી ખેતી કરે, હુન્નર ઉદ્યોગ કરે. બાળકો સંસ્કૃત પાઠશાળામાં ભણે. સાંજે ઝાલર ટાણે પાદરના મંદિરમાં આરતી થાય ત્યારે ગામના સ્ત્રીપુરૂષો આરતીમાં અચૂક હાજરી પૂરે.

તેવા જ એક ગામમાં એક વિધવા રહેતી હતી. તેના પતિ તો પોતાનાં જીવનકાળમાં વિદ્વાન તરીકે પંકાએલાં. પણ ગંભીર માંદગીમાં પટકાયા અને ઈલાજ થાય તે પહેલાં જ તેમની જીવન લીલા સમેટાઈ ગઈ.

વિધવા માતાને એક દિકરો. હજી પાંચ - છ વરસનો જ હતો. નામ શંકર. મા ખેતીકામની મજૂરી કરે. મંદિરમાં સેવા આપે. શંકર ગામની સંસ્કૃત પાઠશાળામાં ભણે.

શંકરના મનમાં પ્રભુનું કાર્ય કરવાનાં સોણલાં રમે. તે માતા સાથે વાત કરે. માતા તેને પ્રોત્સાહન આપે. આમ શંકર આઠ વર્ષનો થયો. એક દિવસની વાત છે. રાતના જમી કરી પરવાર્યા. બાદ મા - દિકરો ઘરના દરવાજે ઓટલે બેઠાં હતાં ત્યારે શંકર બોલ્યો,

મા, મને સન્યાસી થવાની ખૂબજ ઈચ્છા થાય છે. લાગે છે બસ ભગવાનનું કામ જ કરું.

હાં બેટા, જરૂર કરજે.

તો મા હું સન્યાસ લઉં.

મા તેની સામે તાકી રહી. વિચાર કરીને બોલી. ''પણ બેટા, સન્યાસ લેતા પહેલાં શાસ્ત્રો ભણવા જરૂરી છે. તે પછી જ સન્યાસ લેવાય.''

પણ મા હું સન્યાસી બનીને પણ ભણીશ.

પણ બેટા, સન્યાસીને પાઠશાળામાં ભણાવતા નથી. તેણે તો ગુરૂની સાથે સતત તીર્થાટન કરવું પડે છે. તેના કરતાં તું ભણી લે પછી સન્યાસ જરૂર લેજે.

શંકર બોલ્યો નહિં. માતાને લાગ્યું ''ચાલો આજનો પ્રસંગ તો ટળ્યો''

પણ શંકર એવો ભૂલે એવો નહોતો. તે સન્યાસીની જેમ જ રહેવા લાગ્યો. એક વખત જમે, રાત્રે પથારી વગર જમીન ઉપર સુઈ જાય. સવારે વહેલો ઊઠે. ભગવાનના નામનાં જપ કરે. ધાર્મિક વાતો સિવાય કોઈ વાત ન કરે. રોજ માતાને પગે પડે.

એક દિવસ શંકરને તાવ આવ્યો. તે મોડો ઊઠ્યો. શરીરમાં હજી આળસ હતી. માતાએ કહ્યું. તેની સાથે નદીએ ચાલ. તે કપડા ધોવા જઈ રહી છે. ત્યાં તડકે નહાજે જેથી ટાઢ નહિં વાય. શંકર સાથે ગયો.

તેના મિત્રો ત્યાં તેને મળ્યાં. તેઓ નદીમાં નાહવા પડેલાં. શંકર તેમાં જોડાયો. તેને પકડવા તેનો મિત્ર આવ્યો તો તે તરતો તરતો વધારે ઊંડા પાણીમાં ચાલી ગયો ત્યાં શંકરને પોતાનો પગ કોઈ વસ્તુમાં ભરાયો છે એમ લાગ્યું. તે વસ્તુ તેને પાણીમાં ખેંચવા લાગી.

શંકરે જોયું તો તેનો પગ એક નાનકડા મગરે પકડી લીધો હતો. તેણે પગ છોડાવવાનો પ્રયત્ન કર્યો. ઝાટકો માર્યો. પગ તો છૂટ્યો પણ છોલાઈ ગયો. પાણીમાં લોહી ભળવા લાગ્યું. મગર તેની પાછળ પડ્યો. શંકર કિનારા તરફ ઝડપથી તરતો તરતો આવી રહ્યો હતો ત્યાં મગરે ફરી તે જ પગ પકડી લીધો. શંકરના મગજમાં સન્યાસ રમી રહ્યો હતો. તેણે બૂમ પાડી.

માડી, મગરે મને પકડી લીધો છે. હવે મારી બચવાની શક્યતા નથી પણ મારે સન્યાસી થયા વગર મરવું નથી. મને સંમતિ આપ.

મા બેબાકળી બની ગઈ. બોલી, બેટા, તું બચતો હોય તો જરૂર સન્યાસ લેજે. પહેલાં પોતાને બચાવી લે.

શંકરને જોર ચડ્યું. તેણે મગરની આંખ ઉપર પાટું માર્યું મગરની પકડ ઢીલી થતા જ પગ છટકાવી કિનારા તરફ ઝડપથી તરવા લાગ્યો. પાણી છીછરૂ થતાં મગર પાછો વળ્યો.

પછી માતાએ શંકરને સન્યાસ લેવાની સંમતિ આપી. તેને ગુરૂની શોધમાં મોકલ્યો. શંકરે સન્યાસ લીધો. ખૂબ ભણ્યો. ધર્મનો, વેદોનો ઉપદેશ આપ્યો. આચાર્ય બન્યાં. શંકરાચાર્ય તરીકે પ્રખ્યાત થયા.

તેમણે ભારતના ચારે દિશામાં ચાર મઠ સ્થાપ્યા. અનેક સભાઓ જીતી. અનેક ગ્રંથો લખ્યાં. તેમની કીર્તિ અજરામર બની ગઈ.

મમ્મી પોતાના પુત્ર સામે તાકી રહ્યાં હતાં, ''બેટા, તું પ્રભુનું કાર્ય કરીશ.''

હા મમ્મી, હું પણ પ્રભુનું કાર્ય કરીશ.

પ્રોમીસ ! પ્રોમીસ મમ્મી.

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ફેબ્રુઆરી ૦૯ના ઈ-મેગેઝીનમાંથી સાભાર)

આપણા જીવનમાં અનેક અકલ્પિત બનાવો બનતાં જ હોય છે. શહેરો મોટા થાય છે. કાર વેગવંતી, બિલ્ડીંગો ઊંચા અને જગત સાંકડું. બે પેઢી વચ્ચે સમાનતા જણાતી નથી. દરેક પોતાની જીવન-પદ્ધતિ અપનાવે છે. આર્થિક સ્થિતિ રાજકારણમાં ચઢાવ-ઉતાર સતત અનુભવાય છે. ટેકનોલોજી વધુને વધુ વિકસી રહી છે.

ઘણું મેળવીએ છીએ. થોડુંક ગુમાવીએ પણ છીએ. દા.ત. પત્રલેખન તેને બદલે ઈ-મેઈલ, એસ.એમ.એસ. આવી ગયાં છે. કેમેરાને બદલે ડીજીટલ ફોટોગ્રાફી, સંગીતમાં રેકર્ડને બદલે ચીપ્સ.

ભૌતિક જીવનમાં ઘણી સુખસુવિધાઓ આવી. જીવનનું એક ક્ષેત્ર યથાવત્ રહ્યું. પ્રભુમય-જીવન તેનું ભાવિ ભાખી શકાતું નથી. તેમાં મળતો આનંદ કોઈ વખત ઘટતો નથી. તેથી જ સમગ્ર જીવનમાં સ્થૈર્ય છે.

માતાજીના જન્મદિને આપણે અભીપ્સા સેવીએ કે તેમની કૃપા અમને પ્રભુના માર્ગે લઈ જાય. જીવનની ઘટમાળમાં આપણે પ્રસન્ન સૂર્યપ્રકાશમાં નહાતા રહીએ એવી આશા રાખીએ.

(જીવનના વધતા જતા સંઘર્ષમાં શાંતિ આપનાર, સંરક્ષણ આપનાર એક જ શક્તિ છે તે છે પ્રભુની શકિત. તે માટે આપણે પ્રભુના માર્ગે આગળ વધવું જરૂરી છે. તેની છત્રછાયામાં રહેવું જરૂરી છે. - તંત્રી)

# ભારતને ઓળખો

(પ્રાસંગિક)

(ગતાંકથી ચાલુ)

**તો પછી દિવ્યયોદ્ધા કેવો હશે ?**

તેના લક્ષણો નીચે મુજબનાં છે.

(૧) જેમના મન અને બુદ્ધિ વિશાળ અને જાગૃત હશે. અર્થાત જેઓ ભૂતકાળ અને વર્તમાનકાળને જ વરેલા નહિ હોય પણ ભવિષ્યકાળને પણ વરેલાં હશે, તેઓ બધા જ ધર્મોથી ઉપર ઉઠી વિશાલતમ અને પૂર્ણતમ આત્મતત્વને જ એકનિષ્ઠ રહેશે, તે આદર્શાનુસાર જ જીવનને ઢાળશે, તેને ખાતરી હશે કે આ સત્ય નિષ્ઠા સ્વરૂપ બીજ મેં મારા વ્યક્તિગત જીવનનાં ક્યારામાં આજે વાવ્યું છે પણ તે એક દિવસ ઘેઘુર વડલો જરૂર બની રહેવાનું છે.

(૨) આ આધ્યાત્મિક કાર્ય કરવા તે જીવનને પણ દાવ ઉપર લગાડી દેશે.

(૩) તે નિંદા, ટીકા, લોકોની ઉદાસીનતા કે પ્રશંસાથી નહીં પણ પોતાના સમર્પણ, નિષ્ઠા, આંતરિક મનઃપ્રસાદ અને ચિત્તના ઉલ્હાસમાંથી કર્મ કરવાની પ્રેરણા મેળવશે. અને તે જ તેને પોતાના કર્મનું ફળ લાગશે.

**આધુનિક ભારતના પ્રશ્નો**

ભારતમાં સમગ્ર માનવ-જાતિની બધી જ સમસ્યાઓ જાણે કેન્દ્રભૂત બની છે. ભારતે તેમના આધ્યાત્મિક ઉકેલ પોતે જ અનુભવથી શીખી તે અન્ય રાષ્ટ્રોને ઉકેલ તરીકે આપવાનાં છે.

**ભારતના આત્માને કેવી રીતે ઓળખવો ?**

(૧) ભારતની પ્રથમ સમસ્યા છે પોતાના જ આત્માને શોધવો. આ માટે મનથી કે ચિંતનથી આત્મતત્વ નહિ જડે. આપણે આપણા ચૈત્યપુરૂષનો સાક્ષાત્કાર પ્રથમ કરવો પડશે. તેની સાથે એકરૂપતા સાધવી પડશે. તે પછી તે ચૈત્યપુરૂષને ભારત વિષે રસ લેતો કરવો પડશે. ચૈત્યપુરૂષ આત્માની કક્ષાએ જ કામ કરે છે. તે જ ભારતનાં આત્માની પિછાણ તમને કરી આપશે. તે શુદ્ધ અભીપ્સાઓને અનુસરી જીવન ઢાળવું એટલે જ ભારતના આત્માને સ્વાનુભવથી ઓળખવો છે.

**(૨) ભારતની હાલની કટોકટી કેવી રીતે નિવારવી ?**

ભારત પોતાના આત્માની પ્રસુતિ-વેદના ભોગવી રહ્યો છે. ભારતનો

આત્મા ફરી જન્મે તેને અનુરૂપ આપણે થવું એ જ આ કટોકટી નિવારવાનો ઉપાય છે. તે માટે આપણે આપણા અશુદ્ધ અહંકારથી ઉપર ઊઠવું પડશે. આપણા સાચા ચૈતસિક સ્વરૂપને મેળવવું પડશે. તે જ્ઞાન આપણને આપણે ભારતમાં જ શા માટે જન્મ્યાં છીએ તેનું રહસ્ય ઉકેલી આપશે. તે રહસ્યને અનુસરીને જો આપણે જીવન જીવશું તો ભારત પોતાની આ કટોકટીમાંથી જલદી પસાર થઈ જશે.

ભારત જગદ્‌ગુરૂ તરીકે જન્મ લઈ રહ્યો છે. તેને અનુરૂપ થવું એ જ કટોકટી નિવારવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

**ભારતની કટોકટીનાં સાચા કારણો ક્યાં છે ?**

હાલની કટોકટી એ અસત્યનું પરિણામ છે. માનવ-જાતિએ કરેલા અસત્યાચરણ, પાપ, અન્યાય, અત્યાચાર, યુદ્ધો, ઘાતપાત, છળ-કપટનાં સંસ્કારો પૃથ્વી-તત્વે ઝીલી રાખી પોતાનાં અવચેતનમાં સંગ્રહી રાખેલાં છે. તે જ તેમને અનુરૂપ વ્યક્તિ મળતાં સમાજમાં ઠલવાઈ રહ્યાં છે. આ અસત્યનાં કાર્યો પૃથ્વીમાં છે. આ જ હલાહલ વિષ છે. કટોકટી આ સ્વરૂપની છે. પૃથ્વીમાં સંગ્રહાએલી દિવ્ય-ચેતનાને ઝીલતી, પ્રકટ કરતી વ્યક્તિઓ જ દિવ્ય શક્તિઓને ધારણ કરીને આ આસુરી શક્તિનો નાશ કરશે. આ દિવ્ય-શક્તિઓ જ અમૃત છે.

આ એક વૈશ્વિક સ્તરનું સૂક્ષ્મ સ્તરે ચાલતુ સમુદ્રમંથન છે.

**આ કટોકટી નિવારવામાં પ્રમુખ અંતરાયો ક્યા ?**

સાચા ભારત વિષેનું અજ્ઞાન, તેને અનુસરવાની અનિચ્છા સ્વરૂપ અસત્ય અને તેને અનુસરવાથી પોતે જીવનની સ્પર્ધામાં પાછળ પડી જશે એવો વિનાકારણ લાગતો ભય આ દરેક ભારતીય માટે ત્રણ અંતરાયો છે. આ અંતરાયોને ભારતીયો નિવારી શક્યા નથી. તેથી જ સ્વાતંત્ર્ય બાદ પણ ભારતની સમાધાનકારક પ્રગતિ થઈ નથી. ભારત નબળું પુરવાર થઈ રહ્યું છે. આ ત્રણે અંતરોયોને ટાળવા ભારતે પોતાની કેળવણી બાબતમાં ઘરમૂળથી ફેરફાર કરવો પડશે. કારકિર્દી, પૈસો, સફળતા, સત્તા એ કેળવણીનાં ઉદ્દેશો નથી. બાળકોને સાચા ભારત બાબતની સમજણ આપો. તેને અનુસરવાનો આદર્શ આપો. તેમાંથી શક્તિ મેળવી સર્વાંગી પ્રગતિ કરવાની હિંમત આપો. આ રીતે અજ્ઞાન, અસત્ય અને ભય રૂપી અંતરાયોને જીતતા શિખવો.

**ભારતનો જગદગુરૂ તરીકે ઉપદેશ શું હશે ?**

જડતત્વ આત્માના આવિર્ભાવનું માધ્યમ છે. જડતત્વમાં તેવી ક્ષમતા છે. આપણું શારીરિક તત્વ એ જડતત્વનો જ આપણા સ્વરૂપમાંનો ભાગ છે. તેને આત્માની અભિવ્યક્તિનું સાધન બનાવવું એ જ જડતત્વની સાર્થકતા છે. સારાંશ દિવ્ય-દેહનો વિકાસ એ આપણું વ્યવહારૂ ધ્યેય છે. તે માટે આપણા સ્વરૂપમાં રહેલી મનબુદ્ધિથી પણ ઊર્ધ્વમાં રહેલ શક્તિઓનો ઉપયોગ કરતાં શિખવું જરૂરી છે. જેને શ્રી અરવિંદ અતિમનસ શક્તિ કહે છે. વિજ્ઞાન અને ટેકનોલોજી આ માટે જ વપરાવા જોઈએ.

**ભારતમાં હજી રાષ્ટ્રીય એકતા નથી તેના કારણો શું ?**

ભારતીયોનું સાચા ભારત બાબતનું અજ્ઞાન જ આ એકતા અને અસ્મિતા રચવા આડે આવી રહ્યું છે. તેને કારણે આ અવકાશમાં અન્ય સ્થાનિક બળો પોતાના સમૂહ રચી ભારતની અખંડતાને અવરોધી રહ્યાં છે. કેળવણી દ્વારા સાચા ભારતની સમજણ આપો. તે માટે રેડિયો, ટીવી જેવા અત્યાધુનિક સાધનો દ્વારા મનોરંજન - કાર્યક્રમો સ્વરૂપે પણ તેને પ્રકટ થવા દો. તે જ અજાણતા ભારતની એકતા અને અસ્મિતાને જગાડશે.

**ભારતીય રાષ્ટ્રીયભાષાનો પ્રશ્ન કેમ ઉકેલવો ?**

ભારતની એકતાને ઓળખો. તેના આત્માની ઓળખાણ જ સાચી એકતા લાવશે. આ એકતા રાષ્ટ્રીયભાષાનો પ્રશ્ન પોતાની મેળે હલ કરશે. કૃત્રિમ ઉપાય-યોજના વ્યર્થ છે.

**ભારતનો આત્મા શું છે ?**

ભારતનો આત્મા એક જ છે. ભારતનો આત્મા આધ્યાત્મિક છે. આધ્યાત્મિક સત્યો અને સૂક્ષ્માતિસૂક્ષ્મ સૃષ્ટિઓની સમજણ સાથે જીવનના આદિસ્રોત સ્વરૂપ પ્રભુને પામવાની ઉત્કટ અભીપ્સા ધરાવવી એ જ ભારતનો સાચો આત્મા છે. તેની સાથે એકરૂપ થતાં જ ભારતનો આત્મા જાગૃત થશે અને ભારતીય એકતા સધાશે. વૈશ્વિક એકતાની તે શરૂઆત હશે. વિશ્વાતીત એકતા તો સૂક્ષ્મ સ્તરે હાજર જ હોય છે. તે આ રીતે ભૌતિક સ્તરે પ્રકટ થાય છે. આના પરિણામે ભાગલા પાડી રાજ્ય કરવાની નીતિને બદલે ભારતમાં એકતા, પરસ્પર સમજણ અને સહકારથી જ રાજ્ય ચલાવવામાં આવશે. ભારત પોતાની રીતે વિકાસ પામશે. પાશ્ચિમાત્ય ખોટી અસરોથી મુક્ત થશે.

ભારતને જગદ્‌ગુરૂ કરવાનો આ જ માર્ગ છે.

# ભીતરનાં ઝબકારાં



**(સ્વ.ભૂપેન્દ્રભાઈના ૪.૩.૦૮ના નિવાર્ણ-દિન નિમિત્તે)**

**પ્રાસંગિક**

ભૂપેન્દ્રભાઈને ઓળખવા તેમની ડાયરીની ડોકાબારીએથી અંદર ડોકાવું જરૂરી છે. તો જ તેમના આત્માને પીછાણી શકાશે. તો આપણે ઝીલીએ તેમનાં ડાયરીમાંના ભીતરનાં ઝબકારાં.

**પોતાનું સ્થાન**

વિશ્વના વિશાળ તખ્તા પર કઈ જગ્યાએ તમારું નામ અને તમારું કાર્ય અંકિત છે તે તમારે જાણી લેવું જોઈએ. ઘણી વખત વ્યક્તિઓ જન્મતાજ આ જાણીને આવતા હોય છે. તો કેટલીક વ્યક્તિઓ ગતિમાં ગતિમાન થવા ભીતરનાં અગ્નિને ચેતવતા હોય છે. તો કેટલાકને આ બધી વાતનું જરાપણ ભાન હોતું નથી અને સામાન્ય જીવ તરીકે જીવીને આ દુનિયામાંથી ચાલ્યાં જતાં હોય છે.

**આપણા જન્મનો હેતુ**

એ ભાઈ અંતરિક્ષનું જ કાર્ય કરે છે અને અંતરિક્ષનું ક્ષેત્ર છે દેવદેવતાનું. આ દેવદેવતાઓ માનવ કલ્યાણનું કાર્ય કરતા હોય છે - પણ એવા તો અંતરિક્ષ સિવાયના બીજા સાત ખંડો ઉત્તરોત્તર આવેલા છે. એ દરેકના કાર્યો જુદી જુદી રીતનાં છે.

આ લખવાનું કાર્ય કોઈ એવા જ જગતનું કાર્ય છે.

હવે આપણી આવી રીતે લખવાનું બહુ થોડા સમયમાં બંધ થઈ જશે. આપણે શાસ્ત્રો રચવા નહિં પણ એને ઉકેલવા માટેની ચાવીઓ દેવા જન્મ્યા છીએ.

**સભાનતાનો પ્રકાશ**

જે માણસ વધુને વધુ પોતાના ચેતન-કોષમાં જીવે છે એ જ કંઈક આવી વાતોને સમજી શકશે. ચેતનકોષની વાત તદ્દન નવી છે. અન્નમય કોષ, પ્રાણમય કોષ, મનોમયકોષ, વિજ્ઞાનમય કોષ, આનંદમય કોષ, આ પાંચેય કોષની અંદર ચેતનકોષ હોય જ છે. પણ મોટા ભાગનાં લોકો ચેતનકોષમાં જીવતા જ નથી. જો તેઓ ત્યાં રહેતા શીખી જાય તો એને પછી ચેતનાની હરકોઈ વાત સમજાઈ જાશે, કારણ ચેતનકોષ સભાનતા આપે છે.

**અજાણ્યું તપ**

જેણે સૌથી વધુ અપમાનો સહ્યાં હોય ને છતાં શાંત રહ્યો હોય તે સૌથી વધારે માનનો અધિકારી બની શકે છે. કારણ અપમાનોને ગળી જનાર પ્રભુનો સૌથી વધુ પ્યારો બની જતો હોય છે.

જે વ્યક્તિને મળવાથી માત્ર અપમાન જ થવાનું છે ને છતાં એ વ્યક્તિ પ્રત્યે કશો પણ કટુભાવ રાખ્યા વિના એને મળે છે તે એક પ્રકારનું તપ જ છે.

**ભૌતિક-જીવનનું મહત્વ**

તમે પાર્થિવતામાં રહો પણ ડૂબો નહિં. એ એક મહાન કર્મભૂમિ છે, જ્યાં દિવ્ય-સૃષ્ટિઓ ઊતરાણ કરવા માંગે છે. પાર્થિવ જગતમાં રહીને પૂર્ણયોગ દ્વારા આપણે આ બધુ સાધી લેવાનું છે.


**ચાલો આ સહયજ્ઞમાં વિધિવત્ આહૂતિ આપીએ.**

આપે હોંશે હોંશે સહજ સત્સંગનું અર્પણ મ.ઓ.થી મોકલેલ છે તે માટે આપ પ્રશંસાને પાત્ર છો. પણ ઉતાવળમાં નીચેની કાપલીમાં નામ, સરનામું, જુનો ગ્રાહક નંબર કે નવું અર્પણ કાંઈ લખેલ ન હોવાથી અનામી ભક્તોનાં અર્પણ તરીકે અમે સ્વીકાર્યાં છે. પત્રવ્યવહાર કે પહોંચ અમે આપને વિગતોના અભાવે મોકલી શકતા નથી તેથી ક્ષમાપ્રાર્થી છીએ. જો આવો કેસ હોય તો કઈ તારીખે, ક્યા ગામથી, કેટલું અર્પણ મોકલ્યું તે નામ ઠામ સાથે જણાવશો. જેથી આપની અગવડતાઓ નિવારી અમે જગન્માતાની સેવા કરી શકીએ.

તેમજ અર્પણ ડ્રાફટ કે પોસ્ટલ ઓર્ડરથી જ મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ, રાજકોટના નામે પોતાના નામઠામ, ગ્રાહક નંબર સાથે મોકલવા વિનંતી.

આપના સહકારની અપેક્ષા છે. અપેક્ષા ફળશે તે ખાત્રી છે. - **ટ્રસ્ટી મંડળ**



**પ્રકાશનના પંથે**

મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર રાજકોટ દ્વારા પ્રકાશિત ભગવદ્ગીતા ઉપર આધારિત શ્રી અરવિંદની દાર્શનિક ભૂમિકાને અનુરૂપ શ્રી કૃષ્ણઅર્જુનના સંવાદરૂપે નિરૂપાએલો ગ્રંથ **'યોગેશ્વરનો યોગ'** પ્રકાશનના આરે છે.

પાના-૨૪૮, કિંમત - ૧૮૦/-

કેન્દ્રોના ઓર્ડરમાં ૩૦% ડીસ્કાઉન્ટ - વ્યક્તિગત ઓર્ડરમાં ૨૦%

# બાળકોનો કાર્યક્રમ આપણા કેન્દ્રમાં

* રીપોર્ટ *

**મીરા શુક્લ, દૃષ્ટિ ટોલિયા, કેશવી દવે**

તા. ૬, જાન્યુ. ૨૦૦૯ને મંગળવારે સવારે સિસ્ટર નિવેદિતા સ્કૂલ, રાજકોટના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ મા શ્રી અરવિંદ સાધના કેન્દ્રની મુલાકાત લીધી. શ્રી અરવિંદ મેમોરિયલ ટ્રસ્ટ, વડોદરાના સહકારથી આ કાર્યક્રમ થયો હતો.

પ્રાર્થના બાદ, કુ.મીરા શુક્લે કાર્યક્રમનું સંચાલન કર્યું. ધારક પટેલ, દૃષ્ટિ ટોલિયા, રાજ જોગિયા, કેશવી દવે, આનંદ વેગડા અને આરતી રાઠોડે માતાજી અને શ્રી અરવિંદના વિવિધ સુવિચારો પ્રસ્તુત કર્યા. તે પછી પ્રિયંકા રાણપરા તથા પાર્થ ખાડસુરિયાએ શ્રી અરવિંદના જીવન-પ્રસંગો રોચક શૈલીમાં રજુ કર્યા. માતાજીની સુંદર-કથાઓમાંની ત્રણ કથાઓ મોહિલ જીલાવડિયા, દક્ષિણા લાડવા અને પ્રથિત દવેએ કહી. ધર્મિલ બલદેવે અચ્છો ખેલાડી કેવો હોવો જોઈએ તેની માતાજીની વાત રજૂ કરી. સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલના સ્થાપક અને નિયામક શ્રી ગુલાબભાઈ જાનીએ માતાજી અને શ્રી અરવિંદના શૈક્ષણિક વિચારો બાબત અને શ્રી અરવિંદના શૈક્ષણિક વિચારો બાબત મનનીય પ્રવચન કર્યું. શ્રી માનસિંહભાઈ ચાવડાએ પ્રાર્થના કરીને જીવનમાં માર્ગદર્શન કેવી રીતે મેળવવું તેનું વિવેચન કર્યું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કેન્દ્રના સાધક શ્રી ભૂપેન્દ્રભાઈ વી. ત્રિવેદીએ કરેલું હતું.

બાળકોએ માતાજી અને શ્રી અરવિંદના પ્રતીકોને વિવિધ રંગો અને ડેકોરેટીવ વસ્તુઓથી કલાત્મક રીતે સજાવી તૈયાર કરેલાં જેને ૨૬ જાન્યુ.ના રોજ સ્કૂલમાં  વિદ્યાર્થીઓનાં પાલકો માટે પ્રદર્શન રૂપે રાખવામાં આવેલાં. બાળકોને નાની પુસ્તિકાઓ પ્રસાદી તરીકે આપેલી.

## વિણ્યાં શ્રી અરવિંદના વિચાર રત્નો

૧ દરેક નવું પ્રભાત એક નવી પ્રગતિની શક્યતા લઈ આવે છે. - ધારક પટેલ

૨ આધ્યાત્મિક દૃષ્ટિથી જોતાં તમે ક્યું કર્મ કરો છો તે મહત્વનું નથી. પરંતુ તમારું કર્મ તમે પોતે કઈ રીતે કરો છો, તે કર્મમાં કઈ ચેતના મૂકો છો, તે જ મહત્વની વસ્તુ છે. તમારી સ્મૃતિમાં હંમેશ પ્રભુને રાખો અને તમે જે કંઈ કર્મ કરશો તે ભાગવત ચેતનાનો આવિર્ભાવ બની રહેશે - દૃષ્ટિ ટોલિયા

૩ તમારી અભીપ્સામાં સચ્ચાઈ હશે તો પ્રભુનો પ્રેમ આપોઆપ જ જવાબરૂપે હાજર થશે - રાજ જોગિયા

૪ પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરવાની સારામાં સારી રીત સંતોષપૂર્વક આનંદમય જીવન જીવવું એ છે - કેશવી દવે

૫ બને તેટલું ઓછું બોલો, બને તેટલું વધુ કામ કરો - આનંદ વેગડા

૬ હરેક સંજોગોમાં હંમેશા હસતા શીખી જાઓ... હાસ્યમાં જ આત્મસંયમ પ્રાપ્ત કરવાની સર્વોપરિ શક્તિ છુપાયેલી છે - આરતી રાઠોડ

**તમારી પ્રશંસા, કીર્તિ કે તમારા સર્જનના પ્રદર્શન માટે એવા કોઈ સ્થાનનો કે વ્યક્તિનો આશરો ન લો જ્યાં તમારે નીચા ઉતરવું પડે. તમારા કાર્ય ઉપર પરમાત્માની મ્હોંર હશે તો એ કાર્યની તમામ જવાબદારી પ્રભુ પોતે જ સંભાળી લેશે.**

**હીરાને વેંચવા જવું પડતું હોતું નથી પણ હીરાની માંગ આવતી હોય છે.**

**૧૨.૪.૮૦ -ભૂપેન્દ્ર ત્રિવેદી**



**શ્રી અરવિંદ**

ભારતની ગરિમા અતિ, દિવ્યપરંપરા અગાધ,
શ્રી અરવિંદે સચેત કર્યો, જગદ્‌ગુરૂ પદે વિખ્યાત.

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS FOR INDIA
No. 07598/22 A.K. 9 - T.C. REGD. No.GRJ-303



દિવ્ય જીવનનું વિજય-ગાન.

વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦.૦૦
વિદેશમા : ૫૦૦.૦૦

DATE OF POSTING : 1st OF EVERY MONTH